
# અધ્યાત્મ

વર્ષ : ૯ જુન-૧૯૮૮ અંક : ૯



## ● સદ્‌ભાવભરી ભેટ ●

સદ્‌ભાવભરી ભેટના પ્રવાહે અધ્યાત્મ માસિકને વાર્ષિક લવાજમ વધાર્યા સિવાય ટકી રહેવાની સંજીવની પૂરી પાડી છે; એમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. માશ્રી સર્વેશ્વરીજીની શક્તિઓ જ કારણભૂત છે. વગર માગ્યે, આ ભેટનો પ્રવાહ ચાલ્યા કરે છે; કારણ કે પ્રભુની દિવ્ય શક્તિઓ વાચકોને કોઇ ને કોઈ પ્રકારે પ્રેરણા પૂરી પાડતી રહે છે. છેલ્લે મળેલ આવી ભેટની વિગતો નીચે પ્રમાણે છેઃ–

રૂા.

- ૫૧ વિશ્વનાથ જે. દવે તરફથી દમયંતિ ન. ઠાકરનું ઓપરેશન સફળ થવાથી.
- ૧૦૧ શાંતિલાલ નરભેરામ જપી તરફથી ચિ. અજય તથા ચિ. ધર્મેશના નવા ધંધાની શરૂઆત પ્રસંગે.
- ૧૦ ભૂપેન્દ્ર બી. સુરતિયા.
- ૫૧ કપિલાબેન મિસ્ત્રી વડોદરા.
- ૫૧ મૃદુલાબેન અરૂણભાઇ ગાંધી, દિકરી બિન્ની સ્કૂલમાં પાસ થવા બદલ–વડોદરા.
- ૨૫ ( પાઉન્ડ ) ડી. ડી. સુથાર ઇગ્લેન્ડ, લેણાના પૈસા પાછા આવવાથી ભેટ.
- ૨૫ શ્રી પદ્માબેન પ્રતાપભાઈ ત્રિવેદી, ભાવનગર તરફથી અધ્યાત્મને ભેટ.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૯ અંક : ૯ છૂટક નકલ ૨–૦૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારડીગેટ ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અમારી વિદેશયાત્રા | નારાયણ હ. જાની | ૭ |
| અખંડ ધૂનના કાર્યક્રમની આછી રૂપરેખા | ડૉ. ઘનશ્યામભાઇ દેસાઇ | ૧૭ |
| રમણ મહર્ષિના ભક્તો | ઉપેન્દ્ર ઝિંઝુવાડિયા | ૨૩ |
| અનુભૂતિસંપન્ન પ્રભુનું પ્રેમગાન | કલ્યાણ | ૨૫ |
| ડૉ. અમીનની સાધનાનાં કેટલાક ઉલ્લેખાયેલ સ્થળના પરિચયો | પુષ્કર ચંદરવાકર | ૩૫ |
| તે કર્યું શું ? | નરહરિ પંડ્યા | ૩૯ |
| ગીતા ગૌરવ ગાજે | મધુરમ્ | ૪૦ |
| શ્રદ્ધા : સ્વયં દિવ્યચક્ષુ | અનિરુદ્ધ ઠાકર | ૪૪ |
| મુમુક્ષુ–સાધકજનો માટે સાધનાલય | નાગા પાગલ | ૪૬ |
| સૂફીસંત જલાલુદ્દીનની એક ઝલક | ભાઈલાલભાઇ છાટબાર | ૪૯ |
| પ્રભાતે એટલે શું ? | ઈશ્વરભાઈ ભક્ત | ૫૪ |
| અજાણ્યા જ્યારે આપ્તજન બની જાય છે. | જગદીશ કિલ્લાવાળા | ૫૮ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૯ જુન–૧૯૮૮ અંક : ૯


## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

શ્રાવણ વદ સાતમ વિ. સં. ૨૦૩૬ તા. ૧/૯/૧૯૮૦ સોમવાર. સ્થળ : સરદારનગર, ભાવનગર.

સતત શ્રમ ને સતત ઉજાગરાને લીધે આજે સવારે જ પૂ. શ્રીએ કહ્યું કે મારા પગ ઢીલા લાગે છે. આંખો ભારે લાગે છે. માની પાસે પૂ. શ્રીને સતત હાજર રહેવાનું બને છે. અને તે પણ ઊભા રહેવાનું હોય અથવા બેસવાનું હોય, માને સંપૂર્ણ ઉંઘ આવી જાય તો જ પૂ. શ્રી લાંબા થઇને આરામ કરવાનું પોતે પસંદ કરે છે.

આ ઉતારામાં ત્રણ રૂમો સ્વતંત્ર છે. બહાર લોબી છે એટલે પ્રથમ દિવસે તો પૂ. શ્રીનો અને પૂ. માતાજીનો મુકામ અલગ અલગ રૂમમાં થયો પણ પછી માની તબિયત બગડતાં પૂ. શ્રી માતાજીની રૂમમાં જ રાતદિવસ હાજર રહેવા લાગ્યા, જેથી રાત્રે કે બપોરે માતાજી પૂર્ણનિદ્રા લઇ રહ્યાં છે એવો વિશ્વાસ પૂ. શ્રીને આવે; ત્યારે જ પૂ. શ્રી ત્યાં જ જરા આરામ લઇ લે છે. પરંતુ ગંભીર માંદગીમાંથી હમણાં જ મુક્ત થયેલા આ મહાપુરુષને શરીર કોઇકવાર તો કહે જ ને કે હવે થોડો આરામ જરૂરી છે.

આજે સવારથી પૂ. માતાજી થોડાં સ્વસ્થ છે અને પૂ. શ્રીએ ફરજીયાત આરામ કરવો પડે એમ છે તેથી સવારે થોડો આરામ કરે છે. માતાજીનું સ્નાન, કપડાં, ભોજન, પાણી, દવા, હાજત વગેરેનું દરેક કાર્ય પૂ. શ્રી પોતે કરે છે, જેથી આજકાલ લેખન કે મુલાકાત માટે તો અવકાશ જ નથી એમ ગણી શકાય.

સવારથી પોણાબાર સુધી પૂ. શ્રી મા પાસે જ ખડે પગે સેવા માટે તૈયાર હતા, પણ થોડા મુલાકાતીઓ આવ્યા હોવાથી, પૂ. શ્રી બહાર આવીને બેઠા છે. બે મિનિટ થઇ હશે ત્યાં જ માની દર્દભરી બૂમ સંભળાય છે. પૂ. શ્રી ઝડપથી રૂમમાં પહોંચી જાય છે. સૌને માતાજીના રૂમમાં બેસવાનું સૂચન કરે છે ને બીજી જ મિનિટે સૌને પ્રણામ કરી વિદાય લેવાનું કહે છે; એટલે સૌ બહાર બેઠા હતાં ત્યાંથી ઉઠીને પ્રણામ કરી વિદાય થાય છે.

માને ભોજન કરાવી પોતે ભોજન લેવા બેઠા પણ આજે ફક્ત દૂધ ને પારલે ગ્લુકોઝનાં બિસ્કીટ ભોજનમાં લીધાં.

સવારે માને દૂધ આપતાં પહેલાં પૂ. શ્રી સરસ્વતીબેનને વાત કરે છે. "માની સેવા એઓ (સર્વેશ્વરી) ખૂબ પ્રેમથી હસતાં હસતાં કરે છે. બધી જ સેવા રાતદિવસ એઓ કરે છે, એવી તો સગાં પણ ન કરે. માતાજીને ખબર નથી કે એઓ કેટલી ને કેવી સેવા કરી રહ્યાં છે. પડદા પાછળની સેવા જ મહત્ત્વની છે ને."

આજે ભોજનમાં સંતોષ ન થયો જેથી માતાજીને પપૈયું આપ્યું ત્યારે પૂ. શ્રીએ પણ તે લીધું, મને પણ લેવાનો આગ્રહ કર્યો, મેં ના પાડી તો પાછળથી માને કહ્યું, "સફરજન, કેળુ એવું ખાવું છે?" મેં કહ્યું, "મને મારી રૂમમાં એકલાં ખાવાનું ગમતું જ નથી. એટલે મારે કંઇ પણ ખાવાનું જોઇતું નથી." પૂ. શ્રીએ કહ્યું, "હાલ તો કોઇ શકયતા નથી, તો તમને જ્યારે પણ ભૂખ લાગે ત્યારે મનોમન હાથ જોડીને કહેવું, હે પ્રભુ! તમે મારી સાથે જ છો, ચાલો આપણે ખાઈએ એમ કરીને ખાવું," મેં કહ્યું, "ના, મારે એવું નથી કરવું."



આજકાલ પૂ. શ્રી પોતાના પગ ઉપર લોહચુંબકીય સારવાર લે છે. સારવાર લેતાં પહેલા માતાજી ઉંઘી જાય છે. આ સારવાર સુતા સુતા લેવાની હોય છે જેથી સારવાર લેતાં લેતાં પૂ. શ્રી પણ આરામ કરે છે. નારાયણભાઇનો પુત્ર આ સારવાર આપે છે.

આરામ પૂર્ણ થયો ન થયો ત્યાં તો ફરી સેવા શરૂ થાય છે. ૬.૩૦ સુધી તે ચાલુ રહી, પ્રવચન શરૂ થયું. આજે પૂ. શ્રીએ વિભીષણની, પ્રહ્લાદની વાતો કરી, ભક્ત માંગ્યા વિના રહી શકતો નથી. ભગવાન આપ્યા વિના રહી શકતા નથી, એની ચર્ચા થઈ. પ્રવચન બાદ ડો. કોઠારી માતાજીને તપાસવા આવે છે.

સાંજના ભોજનમાં માતાજી પણ લઈ શકે એ દૃષ્ટિએ પૂ. શ્રી મગનીદાળ ને ભાત બનાવવાનું સૂચન આપે છે. એ મુજબ આજે પૂ. શ્રી એ જ વસ્તુ લે છે. આરામ કરતાં પહેલાં સૌ પ્રણામ કરે છે. મેં કહ્યું, "હું જ આપને પ્રણામ નથી કરતી." પૂ. શ્રી કહે, "કરો છો ને દરરોજ પ્રવચન પહેલાં." મેં કહ્યું, "પણ પ્રવચન ન હોય ત્યારે નથી થતા." પૂ. શ્રી કહે, "મનોમન તો કેટલીયે વાર દિવસમાં કરતાં હશો તે કોઈ થોડું જોઇ શકે?" આટલી વાતચીત પછી પૂ. શ્રીના ઓશિકા પાસે ઘડિયાળ, માળા, રૂમાલ મૂકવામાં આવે છે. આરામ કરતાં પહેલાં પગના તળિયામાં તેલ ઘસવાનું છે? મારા એ પ્રશ્નના જવાબમાં પૂ. શ્રી તેલ મંગાવે છે, ઘસે છે. તળિયામાં ગરમી રહે તો શરદી જરા ઓછી

થાય એમ કહી આરામ કરે છે.

સવારે પૂ. શ્રીએ મને કંઈક ખાવું એવું કહ્યું ત્યારે મેં ના પાડી હતી, તે પૂ. શ્રીને યાદ રહ્યું ને જ્યારે સાંજે પેટ જરા સારુ રહે એ દૃષ્ટિએ સફરજન ખાવા માંગ્યું. ખાધું ત્યારે ફરી મને કહ્યું "તમારે પણ જે લેવું હોય તે લો." મેં ના પાડી. કહ્યું, "તમે જે વસ્તુ ન લો તે મારે એકલાએ નથી લેવી. મને એકલા ખાવાનું (તમારા વિના) ગમતું નથી. એટલે નથી ખાવું," તો પૂ. શ્રી થોડીવારમાં મારી પાસે આવ્યા ને કહે, "લાવો, મારે કાજુ ખાવા છે, એમ કહી થોડા કાજુ લીધા. એમાંથી થોડા મને આપ્યા. જુઓ, હું પણ લઉ છું, એમ કહી એક કાજુ પોતે લઇ મને થોડા આપી કહ્યું "હવે તો ખાઓ." એ પછી મેં કાજુ લીધા.

પ્રસંગ નાનકડો પણ મહાપુરુષની લાગણી તો જુઓ ! કેવો પવિત્ર પ્રેમભાવ, નિઃસ્વાર્થ વ્યવહાર ! ગુરુઓની સાથે રહેતા શિષ્યો કે સેવકોની કાળજી પ્રેમપૂર્વક ભાગ્યે જ તેઓ લેતા હશે, જ્યારે આ મહાપુરુષ સર્વશ્રેષ્ઠ, આદર્શયુક્ત, વ્યવહારકુશળ, લાગણીશીલ, પ્રેમની મૂર્તિ જેવા મને અનુભવવા મળે છે.

માતા પણ આટલી કાળજી, આટલી લાગણી તો રાખી ન શકે. તો આજ માતા બનીને મારી પાસે આવી ગઈ છે, આજ સાહેલી બનીને આવી ગઈ છે. અને આવીને જીવનરણની મીઠી વીરડી બની રહી છે. સાચે જ આવા મા-સખી સ્વરૂપે આવેલી સંતવિભૂતિને મેળવ્યા પછી આ જન્મનાં સ્વજનો, સગાઓ સ્મરણમાં ન જ આવે એ જ તો કૃપા છે. સાચે જ ધન્યધન્ય જીવન બન્યું છે.

શ્રી નારાયણભાઈ જાનીનું મકાન પાસે જ હોવાથી આજે ત્યાં અડધો કલાક બેસવાનું બન્યું. દક્ષિણની યાત્રાની વાતો થઈ. આનંદ આવ્યો. નોંધ લખી.



# અમારી વિદેશ યાત્રા

નારાયણ હ. જાની

## પ્રારંભ

[નોંધઃ-પ. પૂ. માશ્રી સર્વેશ્વરી તા. ૧૭/૫/૮૮ના રોજ અમેરિકા, કેનેડા તથા ઇંગ્લેન્ડના પ્રવાસે પધાર્યાં છે. હું તથા મારાં પત્ની પણ તેઓશ્રીની સાથે જોડાયાં હોઇ, પૂ. માના અનેક ભકતોએ એવી આશા વ્યક્ત કરી કે "તમે પૂ. મા સાથે જાઓ છો તો અધ્યાત્મના વાચકોને પૂ. માની યાત્રાનો અહેવાલ એવો આપજો કે એ વાંચતાં અમે પણ જાણે એ યાત્રામાં જોડાયેલા છીએ એવો ભાવ અનુભવી શકીએ.

એ દૃષ્ટિએ આ અંકથી આ યાત્રાનો અહેવાલ થોડો વિગતે અમે રજુ કરી રહ્યા છીએ. આશા છે કે સહુ વાચકોને તે ગમશે.

અમારા પરદેશ પ્રવાસને લીધે અધ્યાત્મના અંકની પ્રસિદ્ધિમાં કોઈવાર થોડો વિલંબ થાય તો વાચકોએ ક્ષમા કરવા વિનંતિ છે. -તંત્રી]

પૂ. મા સાથે યાત્રાએ જવાનું હોય તો કોને ન ગમે! અને તેમાંય પરદેશની ? સહુને ગમે. પરંતુ પ્રભુની કૃપા સિવાય એ સૌભાગ્ય સહુને મળતું નથી; એમ નમ્ર ભાવે હું માનું છું. પ્રભુની અને પૂ. માની કૃપાથી અમને એ સૌભાગ્ય મળ્યું, એનો અમને આનંદ થાય એ સ્વાભાવિક છે.

હવે તે કેમ ઘટ્યું હશે, એની વાત કરૂં.

પૂ. માને આપણા અંતરના ભાવો ઘણી અદ્ભુત રીતે પહોંચી જાય છે, એવું અમે અમારા જીવનમાં ઘણીવાર અનુભવ્યું છે.

થોડા મહિનાઓ પહેલાં મારાં ધર્મપત્નીએ મને વાતવાતમાં કહ્યું, "પૂ. ગુરુદેવ એવી કોઈ કૃપા કરે ખરા કે પૂ. મા સાથે આપણને સતત રહેવાનું મળે !"

મેં કહ્યું, "જરૂર. પ્રભુ કે પૂ. મા કૃપા કરે તો એવું બની શકે. તમે એમને પ્રાર્થના કરો. એ જરૂર સાંભળશે. અમને પ્રભુમાં અને સંતોમાં વિશ્વાસ છે કે એમને કરેલી પ્રાર્થનાઓ અવશ્ય સંભળાય છે. કદી નિષ્ફળ જતી નથી."

એમણે જવાબ આપ્યો, "એ તો હું કરૂંજ છું."

"તો એનું પરિણામ પણ જરૂર જણાશે." મેં કહ્યું.

અને ખરેખર પૂ. માએ અમને નવેમ્બર '૮૭માં જ્યારે હરદ્વારમાં કહ્યું કે અમે જ્યારે પરદેશ જઇએ ત્યારે તમે બન્ને પણ અમારી સાથે પરદેશ આવો."

અમે કહ્યું, "આપની સાથે આવવાનું અમને જરૂરથી ગમે, પરંતુ તે માટેની અમારી હેસિયત કેટલી !"

એના પ્રત્યુત્તરમાં પૂ. માએ કહ્યું, "બધુંય થઇ રહેશે, પાસપોર્ટ તો કઢાવો."

એ પહેલાં પણ કેનેડા તથા અમેરિકાના પૂ. શ્રી યોગેશ્વરજીના કેટલાક ભાવિક ભક્તો તરફથી અમને પરદેશ આવવાનું સૂચન થયેલું, પરંતુ અમે એને અમારે માટે અશક્ય માની તે પ્રત્યે ધ્યાન નહિ આપેલું.

પરંતુ કોઇ કાર્યમાં પ્રભુની ઇચ્છા ભળે ત્યારે તે થઇને જ રહે છે. અમારે માટે પણ એવુંજ થયું. પાસપોર્ટ, વીઝા વગેરેનું પૂ. માનું અને અમારૂં કાર્ય ત્રણ મહિનામાં સરળતાથી પતી ગયું.

પૂ. માના વિદાય શુભેચ્છા સમારંભો ત્રણ ઠેકાણે યોજ્યા. તા. ૧૨ મીએ અમદાવાદમાં, તા. ૧૩ મીએ વડોદરા ખાતે અને તા. ૧૫/૫ના રોજ મુંબઇ ખાતે. અમદાવાદના કાર્યક્રમનું સંચાલન શ્રી બાબુભાઈ વોરાએ, વડોદરાનું શ્રી જીતુભાઈ ગાંધીએ, તેમજ મુંબઈનું શ્રી પ્રકાશભાઇ ભટ્ટ ને શ્રી જે. વી. શાહે કર્યું હતું. આ ત્રણે સમારંભોમાં ગુજરાતભરના મોટાભાગના યોગેશ્વર પરિવારનાં સાધક ભાઈબહેનોએ ઉપસ્થિત રહી પૂ. માના વિદેશ પ્રસ્થાનને મંગલતા સફળતા અને શુભેચ્છા વ્યક્ત કરી.



મુંબઇમાં પૂ. માનો ઉતારો શ્રી હરગોવિંદભાઇ ભટ્ટના પુત્ર શ્રી મધુભાઇને ત્યાં બોરીવલીમાં હતો. એમના આખા પરિવારે ખૂબ પરિશ્રમપૂર્વક પૂ. માનો ઉતારો સુંદર રીતે સજાવ્યો હતો. પૂ. માની ત્રણ દેશોની વિદેશયાત્રાનો ખ્યાલ આપતી પ્રતિકૃતિ દીવાલપર ચિત્રોમાં અંકિત કરી. પૂ. મા જલ્દી ભારત પાછા પધારે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

અમોને પણ વિદાય આપવા અમારા પરિવારના ત્રણે પુત્રો, દીકરી અને જમાઇ, સપરિવાર સહાર એરપોર્ટ ઉપર ખાસ આવ્યાં હતાં. પૂ. શ્રી અને પૂ. માના અનેક ભક્તો દૂર દૂરથી તેમને વંદના કરવા આવી પહોંચ્યા હતા. મુંબઇના સહાર એરપોર્ટનું એ દૃશ્ય ખરેખર મેળા જેવું લાગતું હતું. શ્રી જીતુભાઇ ગાંધી ને શ્રી જે. વી. શાહ તો એરોડ્રોમ ઓથોરીટીઝની ખાસ પરવાનગી લઇને, છેક સીક્યુરીટી ચેકીંગ સુધી અંદર આવ્યા હતા. એમનું માર્ગદર્શન અને મદદ ઘણાં ઉપયોગી ને રાહતકારી સાબિત થયાં. પૂ. માએ વિદેશયાત્રા અગાઉ ખેડેલી હતી એટલે દરેક બાબતમાં તેઓ અમને સમજ આપતાં ને માર્ગદર્શન પૂરૂં પાડતાં. એનાથી અમારૂં કામ સરળ થઇ જતું.

સો જેટલા ભક્તો છેક કોરિડોર સુધી ટિકિટ ખર્ચીને વિદાય આપવા આવ્યા હોય ત્યારે પૂ. માનું તન અને મન —ચેકિંગમાં જતાં પહેલાં લગેજ સુપ્રત કરીને—ભક્તોને મળવા

અધીરૂં બની જાય એ સ્વાભાવિક છે. આ માટે ખાસ્સું અંતર ફરી પગે ચાલી કાપવાનું હતું અને પૂ. માને ૧૫૦૦ દિવસના સતત ઉપવાસોના પરિણામે શારીરિક અશક્તિ વરતાતી હતી; છતાં તેઓ તેમની પાસે ફરી મળવા ગયા વિના ન રહી શકયાં. ભક્ત સમુદાયને પૂ. માનું ફરી દર્શન કરતાં ખૂબ ખૂબ આનંદ થઈ ગયો. તેઓએ ૫ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. માનો જયઘોષ પોકારી સમગ્ર વાતાવરણને ધાર્મિક પ્રતિભાવથી ભરી દીધું. ફરજ પરના અધિકારીઓએ પણ સારો એવો સહકાર આપ્યો.

અમારી ટિકિટ મુંબઇથી સીંગાપુર એરલાઇન્સમાં ને આમ્સ્ટરડામથી ટ્રાન્સ વર્લ્ડ એરલાઇન્સની હતી. શાન્તાક્રુઝના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર–વિમાન સુધી પહોંચવા માટે ઘણું મોટું અંતર પગે ચાલીને કાપવાનું હોય છે. અમે તે કાપીને આરામકક્ષમાં બેઠાં.

રાત્રિના ૧-૫૫ ના સમયે અમારૂં વિમાન ઉપડવાનું હતું, પરંતુ તે ચાલીસ મિનિટ મોડું હતું. બરાબર મધ્ય-રાત્રિ પછીના ૨-૩૦ કલાકે અમે તેમાં પ્રવેશ મેળવ્યો. અમારી બેઠકો ૬૫૦ કરતાં વધું બેઠકો ધરાવતા આ વિમાનમાં ૫૦૦ પછીની–Non Smoking Zone અને શાકાહારી વિભાગમાં બારી પાસેની હતી. પૂ. મા સીગારેટના ધૂમાડાને સહન કરી શકતાં નથી, એટલે પ્રભુએ એવી સરસ વ્યવસ્થા કરી આપી કે આજુબાજુના સીગારેટના ધૂમાડાની ગુંગળામણથી અમો ત્રણે બચી ગયાં.

શ્રી વિનોદભાઈની ભાવના એવી હતી કે ઉપવાસોને કારણે પૂ. માને વિમાનની લાંબી મુસાફરીનું કષ્ટ ન પહોંચે તે માટે તેઓ ફર્સ્ટ કલાસમાં આવે. પરંતુ પૂ. માને થયું કે એટલો બધો ખર્ચ કરવાની જરૂર નહિ. તેમના આગ્રહ છતાં,



પૂ. મા અમારી સાથેના ઇકોનોમી વર્ગમાંજ આવ્યાં. પરંતુ પૂ. ગુરુદેવને તો એની ચિન્તા થાય ને! એથી પ્રભુએ અદ્ભુત સુવિધા કરી આપી.

શ્રી વિનોદભાઇની જેમ, વિમાનમાં બેઠા પછી અમારી ભાવના પણ એવી હતી કે પૂ. માને આરામ કરવા મળે તેવી સુવિધા થઇ જાય તો કેવું સારૂં! ને પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ–જાણે બધીજ અનુકૂળતા કરી આપી.

આખા વિમાનમાં બધેજ બેઠકો ભરેલી હતી, પરંતુ અમે જયાં બેઠા હતા ત્યાંની બન્ને બાજુની ત્રણ ત્રણ બેઠકો ખાલી હતી. એટલે પૂ. માની સુવાની વ્યવસ્થા થઈ ગઇ. અમે પાછલી હરોળમાં બેઠાં ને અમારી ત્રણ જણની જગ્યામાં પૂ. માએ પૂ. શ્રીની સાથે રખાતી પ્રતિકૃતિને ગોઠવી દીધી ને સળંગ બેઠક કરી દીધી. પરિણામે પૂ. મા છેક મુંબઇથી આમ્સ્ટરડામ સુધી સુતા સુતા આવી શકયાં–લગભગ દસ કલાકની આ મુસાફરી અમારે અને પૂ. મા માટે આમ ઘણી આરામદાયક બની ગઈ. પ્રભુની કેવી કૃપા!

સીંગાપુર એરલાઇન્સમાં અમારા વિભાગની વિમાન-પરિચારિકાઓ પણ ભાવિક ને શ્રદ્ધાળુ લાગી. પૂ. શ્રીની પ્રતિકૃતિ અને પૂ. માનું દુબળુ પાતળું શરીર, ખુલ્લા પગ જોઇને તેમને નવાઈ લાગતી. અમે પૂ. માના તપની વાત એમને સમજાવી. તે જાણી એમણે પણ શ્રી ગુરુદેવની પ્રતિકૃતિને પ્રણામ કરી, પૂ. માની બેઠકના ઉપરના ભાગમાં "Do not disturb–ખલેલ પહોંચાડવી નહિ." એવી કાપલી ચોંટાડી દીધી; જેથી મુસાફરી દરમ્યાન–ભોજન અને પીણા માટે પૃચ્છા કરવા આવતી અન્ય પરિચારિકાઓ પૂ. માને ખલેલ ન પહોંચાડે. આમ સરસ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ.

અમે લગભગ દસ કલાકના એકધારા ઉડ્ડયન પછી

આમ્સ્ટરડામના એરપોર્ટ ઉપર–તે શહેરના સમય મુજબ સવારે ૭–૪૦ મિનિટે આવી પહોંચ્યાં.

આ એરપોર્ટ ખૂબ મોટું છે. વળી સિંગાપોર એર-લાઇન્સના લેન્ડીંગ સ્થાનથી અમારે TWAના ન્યુયોર્ક જતા વિમાનની બુકીંગ ઓફિસે નવા વિમાનમાં અમારા સીટ નંબર લેવાના હતા, તે ઉપરાંત અમારૂં લગેજ આવી ગયું છે કે કેમ તે પણ જોવાનું હતું.

આ બધા માટે એરપોર્ટના એક છેડેથી બીજે છેડે જવાનું હતું. પરંતુ અહીં એકસેલેટરોની વ્યવસ્થા એટલી બધી સરસ છે કે ન પૂછો વાત. લાંબા અંતરો કાપવાં એકસેલેટરો ફરતાંજ રહે છે. તમારે પગ મૂકીને ઉપર ઊભા રહી જવાનું. વળી જવા અને આવવા માટેનાં વિભિન્ન માર્ગો છે, જેથી અથડાઈ પડવાનો ભય ના રહે.

આ વિમાનમાં અમને બારી પાસેની સીટો ન મળી, પણ વચલા ભાગમાં મળી, તે પણ સારૂંજ થયું કારણ કે બારી પાસે–બન્ને બાજુ બબ્બે સીટો હતી જ્યારે વચલા ભાગમાં સળંગ પાંચ સીટો હતી. એટલે અમને તેમાં એક હરોળમાં ત્રણ સીટો ફાળવી આપવામાં આવી.

સીટ નંબરો મેળવ્યા પછી અમારી ખરી કસોટી શરૂ થઈ. અમારૂં લગેજ આવ્યું છે કે નહિ તે જોઈ લેવા D 55 વિભાગમાં તપાસ કરવા અમને જણાવ્યું. અમે તપાસ કરી તો અમારૂં લગેજ આવી ગયેલું, પણ તેની ફરી વિગતે તપાસ કરવાની હતી, તેથી લગેજની બધી બેગો ખોલવાની હતી. આ બેગોમાં પુસ્તકો હોવાથી તે ખૂબ ભારે વજનદાર હતી અને તેની ચાવીઓ પૂ. મા પાસે હતી. અમે ચાવી-ઓ લેવા આવ્યા–તો પૂ. મા કહે, “ચાલો હું તમારી સાથે આવું. તમે એકલા એ બધી બેગો કેવી રીતે ખોલશો ?”



મારાં પત્નીને પૂ. શ્રીની પ્રતિકૃતિ ભળાવી અમે ખાસ્સું અંતર કાપી લગેજ મૂકેલ હતું ત્યાં આવ્યાં. અમારી બધીજ બેગો ખોલાવી એમાંની એકએક વસ્તુનું નિરીક્ષણ ફરજ પરના બે કર્મચારીઓએ–એક બહેન અને એક ભાઈએ–કર્યું. પાંચ બેગોમાં ઠાંસી ઠાંસીને–ગોઠવીને ધાર્મિક પુસ્તકો જ ભરેલાં હતાં. તે વિખાઈ જતાં, ફરી ગોઠવવાં ભારે મુશ્કેલી પડી. પૂ. માની મદદ સિવાય મારા એકલાથી એ શકય બની શકયું ન હોત. પૂ. મા આ માટે પરિશ્રમ કરે તેથી મને ભારે દુઃખ થતું, પણ મારે એમની સહાય લીધા સિવાય બીજો ઉપાય ન હતો. જો કે ફરજ પરની બેન અમને પુસ્તકો ગોઠવીને બેગોને બંધ કરવામાં મદદ કરતી. એટલે અર્ધા કલાકની મહેનત પછી અમે એમાંથી મુક્તિ અનુભવી.

પ. પૂ. મા જે રીતે આ લગેજની ચકાસણીમાં મને સહાય કરવા આવ્યાં, તે જોઈને તેમના જીવનના એક નવીન એવા માનવીય પાસાનો મને પરિચય મળ્યો. મને થયું કે કોઈ આધ્યાત્મિક સંત આ રીતે, આટલી આકરી તપશ્ચર્યા કરતાં કરતાં, પોતાના શિષ્ય કે અનુયાયીને મદદ કરવા આવે ખરા ?

આ બધા પરિશ્રમને લીધે પૂ. મા ખૂબ જ થાકી ગયાં હતાં. છતાં અમે મારાં પત્ની બેઠાં હતા ત્યાં આવ્યાં.

તેઓ જે આરામકક્ષમાં બેઠાં હતાં, તે વિભાગ લોસ એન્જેલેશ જતા વિમાન વિભાગનો હતો. એટલે અમે તેમની પાસે પહોંચીએ તે પહેલાં જ એ વિભાગની મહિલા ચકાસણી અધિકારીઓ એમની પાસે પહોંચી ગયેલી અને એમને તે વિભાગમાં ચકાસણી માટે–એમની પાસે મૂકેલા સામાન સાથે લઈ જઈ રહી હતી. મુશ્કેલી એ હતી કે મારાં પત્ની કહે તે તેઓ સમજતા ન હતાં, ને તેઓ જે બોલે તે મારાં પત્નીને

સમજાતું નહતું; આમ છતાં તેઓ તેમને સર્વ પ્રકારે મદદ કરી રહ્યાં હતાં પૂ. મા અને હું બરાબર એજ સમયે પાછાં આવી પહોંચ્યાં એટલે એમને રાહત થઇ ગઈ. અમે તેમને સમજાવ્યું કે અમે લોસ એન્જેલેસના પેસેન્જર નથી, એટલે એમણે અમારે જ્યાં જવાનું હતું, ત્યાં જવા માટે માર્ગ-દર્શન આપ્યું.

હવે અમારે અમારી સાથે રાખેલ સામાનની અને અમારી વ્યક્તિગત તપાસ માટે જવાનું હતું. અહીં પણ ખૂબ બારીકાઈથી ચકાસણી થઈ. એમણે પ્લાસ્ટીકના બોકસમાં રાખેલ પૂ. શ્રી યોગેશ્વરજીની પ્રતિકૃતિને પણ ખોલીને જોઇ. અમને અગવડ પડી પણ એમની ફરજની ચોકસાઈ માટે અમને માન થયું. ચકાસણી દરમ્યાન અમારા સામાનની એક થેલી ફાટી ગઇ. તે તરફ ફરજ પરની બેનનું મેં ધ્યાન ખેચ્યું. તેણે દિલગીરી વ્યકત કરતાં કહ્યું "મારી પાસે સીવી આપવાનું સાધન અહીં નથી; નહિ તો હું સીવી આપત." પરંતુ કંઇ વિચાર આવતાં બીજી જ ક્ષણે દોડી જઇને, તે સરસ મઝાની પ્લાસ્ટીકની થેલી લઇ આવી; એની નમ્રતા ને અમને સહાયરૂપ થવાની ચેષ્ટા ખરેજ પ્રશંસનીય લાગી.

પૂ. માની વિશેષતા તો જુઓ. મુંબઈથી એક ગુજરાતી બહેન એકલી ન્યુયોર્ક આવી રહી હતી. તેને પણ વિમાન બદલવાનું હતું. તે બેન હજી સુધી આવી પહોંચી ન હતી. તેની પૂ. માને ચિન્તા થવા માંડી. એમણે અમને ઘણીવાર પૂછયું કે "સામાન ચકાસણીમાં એને મુશ્કેલી પડી હશે, નારાયણભાઇ જુઓને!"

કોઇ પરાયા અજાણ્યા માટે પણ પૂ. માનું વાત્સલ્યપૂર્ણ હૃદય કેવી લાગણી અનુભવે તે અમે જોયું.

આખરે વિમાન ઉપડતાં પહેલાં તે આવી પહોંચી. તે



જોઈ પૂ. માને આનંદ થયો. એને ખબર ન હોવાથી પોતાનો સીટ નંબર પણ એણે લીધો ન હતો એટલે મેં તેને મદદ કરી. હું તેમને તે માટે અધિકારી બેન પાસે લઈ ગયો. તેણે ખૂબ પ્રેમપૂર્વક છેલ્લી ઘડીએ સીટ આપી. મને વિચાર આવ્યો કે ભારતમાં કોઈ પેસેન્જરને આવું થયું હોય તો ફરજ પરનો અધિકારી આવું સલુકાઈભર્યું વર્તન કરે ખરો? કેવો સરસ મનુષ્યોચિત્ત વ્યવહાર. આ બેનનો!

TWAના વિમાનમાં અમારી બેઠકો વચલા ભાગમાં વિમાનના મધ્યભાગમાં હતી. પૂ. શ્રીની પ્રતિકૃતિ પૂ. માએ પાસેની ખાલી બેઠક ઉપર મૂકી. અમે મનોમન પ્રાર્થના કરવા લાગ્યા કે એ બે બેઠકો ન ભરાય તો કેવું સારૂં! પરંતુ છેલ્લી ઘડીએ એક ભાઇ આવ્યા ને તેમણે છેલ્લી બેઠક પર જગ્યા લીધી. થોડી વાર પછી મેં તેમને વિનંતી કરી કે બીજી કોઈ ખાલી સીટ ઉપર જાઓ તો આભાર. પહેલાં તેણે હા પાડી, પરંતુ પછી જણાવ્યું કે મને અનુકૂળ એવી આવી બીજી સીટ ખાલી નથી, તેથી દિલગીર છું." અમારાથી એને થોડી ફરજ પડાય એમ હતું? પ્રભુની ઇચ્છા માની અમે મૌન રહ્યા. પરંતુ મનમાં થયાં કરતું કે ત્રણ ખાલી સળંગ બેઠકો મળી ગઈ હોત તો પૂ. માને આરામ કરાવી શકાત?

પરંતુ પ્રભુને માટે શું અશકય છે? માણસના મનને ફેરવવાની શકિત એ ધરાવે છે એની પ્રતીતિ અમને પાંચ મિનિટમાં જ થઈ. જે અમેરિકન મુસાફરે અમને સીટ ખાલી કરવાની ના પાડેલી, તે સ્વયં અમારા કહ્યા સિવાય ઊઠીને ચાલી ગયો ને વિમાનના પાછળના ભાગની ખાલી સીટ ઉપર બેસી ગયો. એથી અમને ખૂબ આનંદ થઈ ગયો. થયું ઓ ગુરુદેવ, તમારી કેવી કૃપા! હવે પૂ. માને ત્રણ સળંગ બેઠકો

ખાલી મળી ગઈ. જેથી તેઓ સારી રીતે આરામ કરી શકે. સૌથી વિશેષતા તો એ હતી કે આખા વિમાનમાં આવી સળંગ ખાલી ત્રણ બેઠકો બહુ જૂજ હતી, તેમાંથી એક મેળવવાનું સદ્ભાગ્ય અમને પ્રાપ્ત થયું હતું.

પૂ. માએ તો મુંબઈથી નીકળ્યા પછી પાણી પણ લીધું ન હતું અને અમે પણ એકવાર જ્યુસ સિવાય કશું લીધું ન હતું. એથી વિમાની–પરિચારિકાઓ તેમજ આસપાસનાં મુસાફરોને નવાઈ લાગતી. એમાંની બે બહેનોએ મને કહ્યું પણ ખરૂં કે આના કોઈ પૈસા આપવાના નથી, માટે કંઈક તો લો. પરંતુ અમારે પૈસા વસુલ કરી લેવા ખાતર ખાઈ લેવાની ગણત્રી ન હતી. જરૂરત કરતાં વધારે ખાઈ કે પી લેવાનો સ્વભાવ ન હતો.

પૂ. મા આરામ કરતાં તેથી કેટલીક પરદેશી મુસાફર બહેનોને એવું લાગતું કે તેઓ બિમાર હોવાં જોઈએ. છેલ્લે એક બે બહેનોએ કુતૂહલવશ થઈ પૂછી નાંખ્યું કે એમને શું થયું છે? બિમાર છે શું ?

અમે કહ્યું, " એમને ઉપવાસો છે. છેલ્લા ૨૪ કલાકથી એમણે પાણી પણ લીધું નથી. "

શા માટે નથી લીધું ? એમાં શો વાંધો ? What is this fasting and why for ? જે પ્રજા કેવળ ખાવામાંજ રાચતી હોય, તેને વ્રત, તપ કે ઉપવાસની વાત શી રીતે સમજાવી શકાય ? મેં અંગ્રેજીમાં સમજાવવા કોશિષ કરી. ખબર નહિ એમાંથી એ કેટલું સમજ્યાં ?

આમ્સ્ટરડામથી ન્યુયોર્ક સુધીનું ઉડ્ડયન સાત કલાક ઉપરનું છે. તેમાં પોણા કલાક પહેલાં પૂ. માને શરીરે ને પગોમાં ભારે બળતરા થવા માંડી. મારાં પત્નીએ પૂ. માના હાથે–

( અનુસંધાન પાના ૫૨ ઉપર )



" સ્વર્ગારોહણ " વિશ્રામગૃહમાં યોજાયેલ

# અખંડ ધૂનના કાર્યક્રમની આછી રૂપરેખા

રજૂઆત–ડૉ. ઘનશ્યામભાઈ દેસાઈ

તા. ૧૭-૪-૮૮ નાં રોજ, " અંબાજી "માં આવેલ " સ્વર્ગારોહણ " વિશ્રામગૃહનું નિઃસ્વાર્થ ભાવે સંચાલન કરી રહેલ, પૂ. શ્રી યોગેશ્વરજીના પરમ ભક્ત, શ્રી બાલુભાઇના જન્મદિવસ નિમિત્તે અખંડ-ધૂનના કાર્યક્રમનું આયોજન થયું. અમે પણ તે પ્રસંગે અંબાજી પહોંચી ગયા.

ગુરુપૂજન, ગુરુવંદના, યોગેશ્વર બાવની, યોગેશ્વર નામ સ્તવન વગેરેની સમાપ્તિ બાદ " અખંડ-ધૂન "ની શરૂઆત કરવામાં આવી. મંજીરા, કરતાલ, તથા ખંજરી સાથે થતી અખંડ–ધૂનનાં પવિત્ર આંદોલનોથી વાતાવરણ ભરાઇ ગયું. ઘણા સાધક–ભાઇ બહેનોએ આખા દિવસના ઉપવાસ સાથે આ પવિત્ર કાર્યમાં હાજરી આપી. સાંજે કાર્યક્રમ પૂરો થવાનાં સમયે બાલુભાઇએ આજુબાજુના આદિવાસી બાળકોને ભેગાં કરી પ્રથમ કળીનાં લાડુ તથા સેવનો પ્રસાદ આપ્યો. ત્યારબાદ સાધકોને પ્રસાદ આપવામાં આવ્યો.

આ સ્થાન એકાંત ને વસ્તીથી થોડું દૂર છે. બાલુભાઇ હિંમતપૂર્વક રહી વિશ્રામગૃહનું જે રીતે સંચાલન કરી રહ્યા છે તે ખરે જ પ્રશંસનીય છે.

સાડા–સાત વાગ્યે બીજી સત્સંગ બેઠક રાખેલ, જેમાં શ્રી કુમુદચંદ્રભાઈ ત્રિવેદી, શાંતીભાઇ કનેરિયા તથા અન્ય સાધકોએ પોતાનાં ટૂંકા પ્રવચન દ્વારા, બાલુભાઈ " વિશ્રામ

ગૃહ " ની જે સેવા આપી રહ્યા છે તે બદલ બિરદાવ્યા.

ત્યારબાદ " વિશ્રામગૃહ " ના પોતાના અનુભવો વર્ણવતા બાલુભાઈએ કહ્યું :–

" એક વખત રાત્રિના સમયે મોટરકારમાં એક યુગલ આવેલ. તેમનાં રંગઢંગ સારાં નહિ લાગવાથી મેં કહી દીધું કે હું આપને રૂમ આપી શકીશ નહિ. તેથી ભાઈ ઉશ્કેરાઈ ગયા અને મારો હાથ કચકચાવી પકડ્યો અને કહેવા લાગ્યા. રૂમ નહિ આપો, હું જોઉં છું કે કેમ નથી આપતાં. આ રકઝક ચાલતી હતી ત્યારે એક બીજી મોટરકાર પણ આવી પહોંચેલ. "

બાલુભાઈએ તેને જણાવ્યું કે આ કેવળ વિશ્રામગૃહ નથી પરંતુ અમારાં ગુરુનો આશ્રમ છે અને જો તે રુઠશે તો ક્યાંક તમારો હાથ અદ્ધર ને અદ્ધર રહી જશે માટે જેમ આવ્યા છો તેમ જ આ સ્થળ છોડી ચાલ્યા જાઓ. ત્યારબાદ તે બન્ને ગાડીઓ ચાલી ગઈ. સદ્‌ભાગ્યે તે વખતે ચોકીદાર ત્યાં જ હાજર હતો. આવા પવિત્ર યાત્રાધામોમાં આવાં કામાંધ સહેલાણીઓ પણ આવતાં હોય છે અને તેઓ આવાં એકાંત સ્થળો જ શોધતાં હોય છે.

કોઈવાર કોઈ દિકરીનાં મા–બાપ, સગાં આવી ચડે. ચોધાર આસુંએ રડતાં રડતાં દિકરીનો ફોટો બતાવી પૂછે કે આવી કોઈ છોકરી તમારે ત્યાં આવેલ. આવાં દુઃખી માણસોને બાલુભાઈ પોતાની રીતે આશ્વાસન આપી શાંત કરે. યુવાનીનાં મદમાં ભાન ભૂલેલાં આવાં ભાગેડુ પણ આવા પવિત્ર યાત્રાધામોને દૂષિત કરવા આવતાં હોય છે. જો કે આવાં રંગ-ઢંગ જણાય તેને બાલુભાઈ રૂમ આપતા જ નથી.



બાલુભાઈ સંસ્થાને સહેજ પણ નુકસાન થાય તે સહન ન કરી શકે. તેઓ આટલા સજાગ રહેતા હોવા છતાં પાણીની ટાંકીનો વાલ્વ કોઈએ તોડી નાંખ્યો. તેને તો કશો જ લાભ ન થયો પણ સંસ્થાને લગભગ પાંચસો રૂપિયાનું નુકસાન થયું. આ બાબતે બાલુભાઈએ ખૂબજ ખેદ વ્યક્ત કર્યો.

શ્રી બાલુભાઈને સંબોધતાં શ્રી બાબુભાઈ વોરાએ કહેલ કે બાલુભાઈને કાંઈ પણ વ્યાવહારિક કામ આવે તેમ હોય તો મને ઘણાં દિવસ અગાઉથી કોઈ માણસની વ્યવસ્થા કરવા જણાવે છે અને મારી ઊંઘ હરામ થઈ જાય છે કારણ કે અત્રે કોઈ આવવા સહેલાઈથી સંમત થતા નથી.

શ્રી કુમુદભાઈએ ખૂબ જ નિખાલસપણે જાહેર કર્યું કે હું અહીં બે દિવસથી વધુ રહી ન શકું.

બાલુભાઈએ વિશ્રામગૃહના સંચાલન સાથે ગરીબ આદિવાસીઓને દવા તથા પ્રાથમિક સારવાર આપવાનું પણ શરૂ કરેલ છે.

ઉપરાંત ત્યાં પોપટ ખૂબ જ મોટી સંખ્યામાં આવતાં હોવાથી ચણ નાંખવાની પ્રવૃત્તિ પણ ચાલુ કરેલ છે.

ટૂંકા ગાળામાં બાલુભાઈએ અંબાજીમાં ખૂબ જ પ્રેમ સંપાદન કરેલ છે. " અધ્યાત્મ "નાં લગભગ સો ગ્રાહકો બનાવેલ છે.

તેમનો સ્વભાવ એવો મિલનસાર છે કે એક પણ વખત જે યાત્રી " સ્વર્ગારોહણ "માં ઊતરે પછી બીજે જાય જ નહિ, ફાવે જ નહિ.

શ્રી બાલુભાઈને હનુમાનજી ઉપર ખૂબ જ પ્રેમ હોય તા. ૧૮ મીએ સવારની પ્રથમ બેઠકમાં અગિયાર વખત હનુમાન

ચાલીસા બોલવાનો કાર્યક્રમ રખાયો.

ત્યાર બાદ ભાઈઓએ બાલુભાઈને તથા બહેનોએ વિમળા-બહેનને કુમકુમ તિલક કર્યાં અને શુભેચ્છા પાઠવી.

આ પ્રસંગે સંબોધતા પૂ. માએ કહ્યું કે "પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ અમારી ઉપર કેટલી બધી કરૂણા વર્ષાવી છે કે શ્રી બાલુભાઇ જેવા નિષ્ઠાવાન, નિસ્વાર્થ સેવાભાવી કાર્ય-કરની વરણી કરતાં ગએલ. જો આ વિશ્રામગૃહના સંચાલક બાલુભાઈ ન હોત તો હું કાંઇ સાધના પણ ન કરી શકત. અને મારે જ અહિંયા રહેવાની ફરજ પડત." મા, પૂ. શ્રી ગુરુદેવની અસીમ કૃપાનો અનુભવ કરતાં ગદ્‌ગદિત થઇ ગયાં. પૂ. માનો કરૂણભાવ સહુને સ્પર્શી ગયો. ઘણાંને આંસુ આવી ગયાં. વાતાવરણ એકદમ કરૂણ બની ગયું.

પૂ. માએ સાધકોને આગ્રહ કરતાં કહ્યું કે વર્ષમાં એક–બે વખત પણ તમારી અનુકૂળતાએ અહીં આવતા રહો જેથી બાલુભાઇને એકલવાયું ન લાગે. તેમને એમ લાગે કે અમારા સ્વજન આવ્યા. આ બાબત માએ પાલનપુરના વિજયભાઇ પુરોહિત ઉપર ઘણો જ ભાર મૂકયો. અને ખરેખર બાલુભાઇનાં નજીકમાં નજીક જો કોઇ સગાં હોય તો તે પાલનપુરનો પુરોહિત પરિવાર જ છે.

તા. ૧૯ નાં રોજ સવારે ઇડર પાસે કુકડિયાથી હાલ મુંબઈમાં વસવાટ કરતાં ત્રણ ભાઇઓ અને એક બહેન ત્યાં માળડી માના મંદિરમાં દેવીની પ્રાણ–પ્રતિષ્ઠા કરવાની હોય, માને આમંત્રણ આપવા આવ્યાં. માએ સર્વની સંમતિ લઇ સંમતિ આપી અને ચાર જીપમાં આશરે ચાલીસ સાધક ભાઇ–બહેનો કુકડિયા પહોંચ્યાં.



જુઓ ! પ્રારબ્ધ માણસને કયાં કયાં ખેંચી જાય છે. કોઇને કલ્પના પણ નહિ હોય કે જીવનમાં કોઈ દિવસ ઈડર તાલુકાનાં કુકડિયા ગામે જવાનું બનશે. પરંતુ પ્રારબ્ધમાં આ ગામનું પાણી પણ પીવા લખાયેલ હોય તો જવું જ પડે ને ? તે મિથ્યા થાય જ નહિ.

મા સવારે દસેક વાગે આવી જતાં. તે પહેલાં યોગેશ્વર બાવની, સ્તવનમાળા, ધૂન વગેરે ચાલુ રહેતાં.

રાત્રે મા સાડા નવે કાર્યક્રમ પૂરો કરતાં. રાત્રે સાડા નવથી સવારનાં સાડાનવ સુધી માનું મૌન રહેતું.

પૂ. મા ના કાર્યક્રમ સિવાય દરેક સાધકો પોતપોતાની રીતે ધ્યાન જપ વગેરે કરતાં.

જયારે "સ્વર્ગારોહણ" માટે જમીન ખરીદવામાં આવી ત્યારબાદ પૂ. માને વારંવાર ત્યાં જવાનું બનતું. બેસવા માટે કોઇ જ આશરો નહોતો. આ સંજોગોમાં એક વખત પૂ. મા, પાલનપુરવાળા વિજય પુરોહિત તથા અન્ય સાધકોએ સમૂહ શ્રમયજ્ઞ કરી, મોટા મોટા પથ્થરો ભેગાં કરી કુટિયા બનાવી અને માટીથી લીપવામાં આવી. ત્યારબાદ માએ ત્યાં સાધના પણ કરેલ. તેથી કોઈ કોઈ સાધકો ત્યાં જઈ સાધન–ભજન કરતાં અને શાંતિનો અનુભવ કરતાં.

તા. ૧૭ થી ૨૧ સુધીના આ કાર્યક્રમ દરમ્યાન મા એ જે અનુરોધ કર્યો તે નીચે મુજબ છે.

(૧) કોઇપણ સંજોગોમાં તમારે ત્યાં કોઈ સાધુસંત આવી ચડે તો તમારી કાયમ વપરાતી ચાદર, રજાઈ કે એવી કોઈ વસ્તુ બેસવા માટે ન આપતાં, સ્વચ્છ આસન આપજો. કાંઇપણ ધોયેલ સ્વચ્છ કપડું ન હોય તો નીચે જ બેસાડજો.

(૨) કોઈ સાધુ-સંતની વસ્તુને સ્પર્શ કરવો નહિ. (અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય છે કે વિદ્યાર્થી અવસ્થામાં પૂ. શ્રી યોગેશ્વરજી વડોદરામાં રહેતાં ત્યારે મગર સ્વામી પાસે વારંવાર જતાં. એકવાર મગર સ્વામીએ મહાત્માજીને ઊભા થઇ કોઇ વસ્તુ લઇને આપવા કહ્યું. મહાત્માજી તે વખતે તેમની પથારી કે આસન ઉપર પગ મૂકીને ચાલેલ તેથી તે સંત ગુસ્સે થયેલાં.)

(૩) જેમ તમારાં ઘરમાં દિકરાની વહુ આવે અને તે નવોદિત વહુનું નામ અને તમારી દિકરીનું નામ અથવા વહુની જેઠાણીનું નામ સરખાં જ હોય તો સાસરિયા તરફથી વહુને નવું નામ આપવામાં આવે છે. આ સાથે જ પિયરનું જીવન લોપ થઈ સાસરિયામાં નવજીવન શરૂ થાય છે. તે જ પ્રમાણે શિષ્યની યોગ્ય ભૂમિકા બંધાતા ગુરુ તેને નવું, આધ્યાત્મિક જીવનને અનુરૂપ નામ આપે છે. આ સાથે જ તેનાં પૂર્વ જીવનનો લોપ થઇ જાય છે. તેથી કોઇ પણ સાધુ-સંતને તેનાં પૂર્વ જીવન વિષે કાંઇપણ પૃચ્છા કરી તેને તેનાં પૂર્વ જીવન તરફ ખેંચી જવાનું પાપ કર્મ કદાપી કરશો નહિ. તેમનું વર્તમાન જીવન જ નજર સમક્ષ રાખો. “નદિ અને સંતનું મૂળ શોધાય નહિ.”

(૪) કોઈપણ વ્યક્તિએ આપણી સાથે દુર્વ્યવહાર કર્યો હોય પરંતુ તેના અવસાન પછી એની સારી વાતો જ યાદ રાખવી. કડવી વાતો ભૂલી જવી. પૂ. ગુરુદેવશ્રીએ આપણને આ વાત સારી રીતે સમજાવી છે એને હંમેશ યાદ રાખવી.

(૫) તમો પણ પૂર્વજન્મ કે પુનર્જન્મનાં વિચારો છોડી દઈ વર્તમાન જીવન ઉન્નત બનાવવાનાં પ્રયત્નોમાં અત્યારથી જ લાગી જાઓ.

આ હતો આ પાંચ દિવસનાં સત્સંગનો નીચોડ. હરિઃ ૐ



# રમણ મહર્ષિના ભક્તો

મૂળ લેખકઃ-પ. પૂ. યોગેશ્વરજી
રજૂઆતઃ-શ્રી ઉપેન્દ્ર કે. ઝિંઝુવાડિયા

સુદીર્ઘકાળની સમજપૂર્વકની ઉત્સાહયુક્ત સાધનાના સુ-પરિણામરૂપે મહર્ષિની આત્મશક્તિ ઉત્તરોત્તર વધતી ગઇ. એ શક્તિની કલ્પના કરવાનું કામ કઠિન હતું. એ શકિતની ઉપલક સાધારણ પ્રતીતિ એમના અદ્‌ભુત વ્યકિતત્વ દ્વારા થઈ શકતી. એ શકિતનો વિશેષ ખ્યાલ એમની માતાના સંબંધમાં વ્યકત થયેલા એમના ઉદ્‌ગારો પરથી સહેલાઇથી આવી શકે છે. માતા અલઘમ્માના મૃત્યુ પછી એક વાર એમણે વાત નીકળતાં ભકતોને ઊદ્દેશીને કહેલું-‘હા, એમના સંબંધમાં મને સંપૂર્ણ સફળતા સાંપડી. એની પહેલાં એકવાર પલની સ્વામીના મૃત્યુ પ્રસંગે મેં મારી શકિતનો એવો જ પ્રયોગ કરી જોયેલો પરંતુ એ પ્રયોગ નિષ્ફળ ગયેલો. એમણે આંખ ઉઘાડીને મારા પ્રયોગથી પ્રભાવિત થયા વિના જ વિદાય લીધેલી.’

‘પોતાની માતાના અંતકાળ પ્રસંગે છેલ્લા ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન એ એમના મસ્તક તથા હૃદય પર હાથ રાખીને પ્રેમપૂર્વક બેસી રહેલા. તેનું સ્પષ્ટીકરણ કરતાં અને એ દ્વારા સંપૂર્ણ અથવા અસાધારણ આત્મશકિત સંપન્ન મહાત્મા પુરુષો શું કરી શકે છે એનો ખ્યાલ આપતાં કહેવા માંડ્યું.’

‘સુષુપ્ત વાસનાઓ અને ભાવિ પરિણામો પેદા કરવાની શકયતાવાળી સૂક્ષ્મ પૂર્વસ્મૃતિઓ જાગ્રત થઇને પ્રબળપણે કામ કરવા લાગી. એમની સૂક્ષ્મ સભાનવૃત્તિના પડદા પર

એક પછી એક દૃશ્યો ઉપસ્થિત થવા માંડ્યાં. બહારની ઇન્દ્રિયોનો સંબંધ તો ક્યારનો પૂરેપૂરો કપાઈ ગયેલો. આત્મા અનુભવોની અદ્‌ભુત પરંપરામાંથી, પૂર્વજન્મની શક્યતાને ટાળતો અને પરમાત્મા સાથેની એકતાને અમલી બનાવતો પસાર થઈ રહેલો. આખરે આત્માની આગળનાં નાજુક અવિદ્યાયુક્ત આવરણોનો અંત આવતાં એને એના અંતિમ ધ્યેય અથવા ગંતવ્યસ્થાનની પ્રાપ્તિ થઈ, જ્યાંથી ફરી અવિદ્યામાં પુનરાવર્તન નથી થતું. એ મુક્તિની સર્વ શ્રેષ્ઠ શાંતિમાં સ્થિતિ સહજ બની ગઈ.'

મહર્ષિની અસાધારણ આત્મશક્તિ રમણાશ્રમમાં રહીને આજુબાજુ બધે પ્રસરતી અસંખ્ય આધ્યાત્મિક પિપાસુઓને પોતાની તરફ ખેંચી રહી. જેમને જીવનમાં જ્યોતિની પ્રાપ્તિ કરીને નવજીવન મેળવવું હતું તે મૃતપ્રાયઃ દશામાંથી છુટીને અમૃતત્ત્વનો અક્ષય અસાધારણ અમૂલખ આનંદ અનુભવવો હતો એવા જિજ્ઞાસુઓ કે પૂર્ણતાના પ્રવાસીઓ એમની શક્તિ સૌરભથી આકર્ષાઇને એમની પાસે આવવા માંડ્યા. એમની એ સૌરભ ધીરે-ધીરે સમસ્ત દેશમાં અને દેશની બહાર પણ ફરી વળી. એમનાં દર્શન તથા સત્સંગનો લાભ લેવા અસંખ્ય આત્માઓ આવવા લાગ્યા. એમના દેવદુર્લભ દર્શનથી એ ધન્ય બન્યા. એવાં કેટલાક ભક્તોનો ઉલ્લેખ કરવો યથાયોગ્ય ગણાશે.

## રમણ મહર્ષિના ભક્ત સુંદરમ્માલ

મહર્ષિના સ્ત્રી ભક્તોમાં સુંદરમ્માલનું નામ ખાસ ઉલ્લેખનીય અને આગળ પડતું છે. એ મદ્રાસના એક ઉચ્ચ અમલદારની ધર્મપત્ની હતી. મહર્ષિ પર ગુરુભાવ તથા

( અનુસંધાન પાના ૪૧ ઉપર )



# અનુભૂતિસંપન્ન પ્રભુનું પ્રેમગાન

કલ્યાણ

મોરબીની સત્સંગપ્રેમી જનતાએ એક સપ્તાહ સુધી પૂ. મા સર્વેશ્વરીની સત્સંગ સરિતામાં સ્નાન કર્યું. તે એક જીવનનો અદ્‌ભુત લ્હાવો બની રહેશે તેમાં કોઇ શંકાને સ્થાન નથી. એ અનોખા પ્રભુના પ્રેમગાનમાં અનુભૂતિનો જે રણકાર ઊઠ્યો તે ચિરંજીવ બની અંતરમાં ગૂંજતો રહેશે. પ્રભુપ્રેમની પગદંડી પર ચાલતાં ચાલતાં અંતરના અંતરપટ પર પ્રભુની દિવ્યકૃપાના મેઘધનુષી અનુપમ, રમ્ય રંગોની જે છટા પૂ. મા માણી રહ્યાં છે તેની રસલ્હાણ પૂ. મા જિજ્ઞાસુઓ સમક્ષ લૂંટાવતાં રહે છે. આપણે પણ આવા અમુલખ અવસરનો લ્હાવો લેવાનું શા માટે ચૂકીએ !

હવે તો સૌ જાણે છે કે પૂ. મા પ્રભુપંથે ચાલતાં ચાલતાં એક વિરલ તપના નવાં જ સિમાચિહ્નો ઊભાં કરી રહ્યાં છે. પ્રભુદર્શનના ધ્યેયને સિદ્ધ કરવા તપ તપવામાં પાછું વાળી જોતાં નથી. પ્રભુદર્શનની ઝંખનામાં શરીર અને મન તો પ્રભુનાં શ્રીચરણોમાં ક્યારનાંય સમર્પિત થઈ ચૂક્યાં છે. "શિર સાટે નટવરને વરીએ" એ એક માત્ર જુસ્સો પૂ. માના રોમેરોમમાંથી વ્યક્ત થઈ રહ્યો છે. પૂ માના શ્રીવિગ્રહનાં જેમણે દર્શન કર્યાં છે, તેમને પ્રતીતિ થયા વગર નહીં રહે કે રુધિરમાંસનો અર્ઘ્ય એ પ્રેમપંથની પાવક જ્વાળામાં ક્યારનોય હોમાઈ રહ્યો છે. પ્રભુદર્શન માટે જે મહાયજ્ઞ ચાલી રહ્યો છે, તેની એક આછેરી ઝલક મોરબીના સત્સંગપ્રેમીઓએ માણી તે યથાશક્તિ આપણે સૌ પણ માણીએ.

પૂ. માના તપસ્વી જીવનની એક એ વિશિષ્ઠતા રહી છે કે તેઓ કયારેય એક જગ્યાએ પગવાળીને બેઠાં નથી. चराति चरतो भगः "ચાલતાનું રહે ભાગ્ય ચાલતું, સૂતેલાનું સૂતું" એ પૂ. માના પરિવ્રાજક જીવનનો મહામંત્ર જાણે બની ગયો છે. સતત ચાલતા રહેતા શરીરમાં જ્યારે પૂ. માના અંતરમાં સ્થિર બેસેલા પ્રભુનું દર્શન કરે છે ત્યારે સૌ આશ્ચર્યચકિત થઈ જાય છે. પ્રભુ જ જાણે તેમના પરિવ્રાજક જીવનના પ્રેરણાદાતા હોય તે સહજ અનુભવી શકાય છે; અને એ વાત સર્વવિદિત છે કે સતત ચાલતી એ સત્સંગયાત્રાએ અનેક જિજ્ઞાસુઓના જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. પૂ. મા જ્યારે મોરબી પધાર્યાં ત્યારે પણ તેઓ એક અઠવાડિયાથી દક્ષિણ ગુજરાતમાં સતત સત્સંગ યાત્રા કરી રહ્યાં હતાં. તા. ૨૫/૩/૮૮ના રોજ રાત્રે સાડા આઠ વાગ્યે પૂ. મા મોરબી પધાર્યાં ત્યારે સત્સંગ-પ્રેમીઓ જાણે આનંદ સાગરમાં ડૂબી ગયા! દર્શનાર્થીઓમાં આનંદ, ઉત્સાહ, અને સંતોષનું મોજું ફરી વળ્યું. સત્સંગ-પ્રેમીઓનો પ્રેમ જોઇને પૂ. મા પણ જાણે બધું વિસરી જાય છે. સૌના ભાવભર્યા સ્વાગતનો ઉત્તર આપતાં પૂ. માએ કહ્યું: "અત્યાર સુધી આપણે જીવ જીવ વચ્ચેની મૈત્રીગાંઠ મજબૂત કરતા આવ્યા છીએ, આપણી આ સત્સંગસભાઓ દ્વારા હવે જીવ જીવ વચ્ચેની મૈત્રીગાંઠને છોડીને, જીવશિવ વચ્ચેની મૈત્રીગાંઠ મજબૂત કરવાની છે. સત્સંગ દ્વારા એ મૈત્રીગાંઠ જેટલી બને તેટલી મજબૂત કરજો."

તા. ૨૬-૩-૮૮ ના રોજ મોરબીના જડેશ્વર મહાદેવના સત્સંગ હોલમાં પૂ. મા જ્યારે ભક્તોએ પ્રેમથી સજાવેલી વ્યાસપીઠ પર બીરાજ્યાં ત્યારે ગુરુદેવ પ્રભુ યોગેશ્વરજીની પુણ્યસ્મૃતિ અંતરમાં ઉભરાઈ આવી. ગુરુદેવ પ્રભુએ વર્ષો



સુધી આ મંદિર-પ્રાંગણમાં બિરાજી સત્સંગ સુધાનું પાન કરાવ્યું હતું. એ વખતે કલ્પના પણ ન હતી કે એ સમર્થ વ્યાસપીઠને પૂ. મા શોભાવી શકશે. ઇશ્વરદર્શનનાં સમર્થ ભેખધારી પૂ. માને જ્યારે જાહેર પ્રવચન આપતાં નિહાળ્યાં ત્યારે આંતરમને સહજ સ્વીકારી લીધું કે આ રૂપમાં ગુરુદેવ પ્રભુ જ સ્વયં પધાર્યા છે. પૂ. માએ વ્યાસપીઠ પરથી કોઈ વિદ્વત્તાભર્યા પ્રવચનો નથી આપ્યાં, પરંતુ કવિ પ્રીતમ કહે છે તેમ "રામ અમલમાં રાતા માતા પ્રેમી પરખે જોને." ઇશ્વરદર્શનની ઝંખનામાં ચકચૂર એવા પૂર્ણપ્રેમથી ઉભરાતા અંતરની એ વાણીનો મહાપ્રસાદ હતો. રામાયણના પ્રસંગો પર આધારિત આ પ્રેમગાન એટલા માટે જીવંત બની ગયું કે એ રામાયણના પ્રસંગોનું દર્શન હકીકત બનીને પૂ. મામાં સાકાર બન્યું છે.

મનુ અને શતરૂપાની તપશ્ચર્યાનો પ્રસંગ વર્ણવતાં પૂ. મા એ કહ્યું "મનુ અને શતરૂપાની તપશ્ચર્યા સો ટકા સત્ય છે. પ્રભુદર્શન માટે કૃષકાય બની કેવળ પાણી ઉપર તપ્યા. અમારી અનુભૂતિના આધારે અમે કહીએ છીએ કે તે શકય છે. પ્રભુદર્શનની લગની જાગી જાય છે ત્યારે બધું જ વિસરાઈ જાય છે." બ્રહ્માનંદ કહે છે તેમ-

"રંગ સહિત હરિને રટીએ રે,
હાક વાગ્યે પાછા નવ હઠીએ,
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ."

જ્યારે પ્રાણની બાજી લાગી જાય છે ત્યારે કંઇ અશકય રહેતું નથી. પૂ. મા દૃષ્ટાંત આપી સમજાવતાં કહે "જ્યારે પોતાનો પ્રિય પુત્ર ખોવાઇ જાય ત્યારે પ્રાણપ્રિય પુત્રની વિરહની વેદનામાં માતાપિતા ખાવાપીવાનું પણ છોડી દે છે. જ્યાંસુધી પુત્રનું દર્શન નથી થતું ત્યાં સુધી તેમને કયાંય

ચેન પડતું નથી, તો પછી પ્રભુદર્શનની ઝંખનામાં ભક્તો સાનભાન ભૂલી જાય તે સત્ય જ છે ને! અમારા યોગેશ્વર ભગવાને પણ ઊંઘ ને આહાર ત્યજી હિમાલયના જંગલોમાં વર્ષોસુધી પલાંઠી વાળી હતી. આજે તેમના ભજનોમાં એ વિરહની વેદનાનાં દર્શન થાય છે."

આજે પૂ. માને નિર્જળાવ્રત હતું. ઉનાળાની અસહ્ય ગરમીમાં પાણીનું ટીપું સુદ્ધાં આજે લીધું ન હતું છતાં પૂ. મા જયારે પ્રભુના પ્રેમગાનમાં મસ્ત બની જાય છે ત્યારે દેહભાવ અદૃશ્ય થઇ જાય છે. પ્રવચનના દોઢ કલાકમાં જે જોશ, જુસ્સો અને તમન્નાની રેલમછેલ વાણીમાં ફરી વળે છે તેમાં અનુભૂતિનો રણકાર સ્પષ્ટ સંભળાય છે. દિવસ રાત તપની ધૂણી ધખી રહી છે. એ તપની ધૂણીમાંથી જે અનુભૂતિની પાવક જ્વાળા પ્રકટી છે તેનું દર્શન સત્સંગ-પ્રેમીઓ કરી રહ્યાં છે. આજે મનુ અને શતરૂપાની તપશ્ચર્યાને જે પોતાના જીવન દ્વારા મૂર્તિમંત કરી તેથી સૌ જાણી શકયા કે–

"હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલાં મસ્તક મૂકી, વળતાં લેવું નામ જોને.

સાંજે પ્રવચન પછી પૂ. મા નવ વાગ્યે મૌન શરૂ કરે તે પહેલાં ભક્તોના છેલ્લા પ્રણામ વખતે પણ નાનકડો સત્સંગ મેળો જામી જતો. બારડોલીની શિબિરમાં એકભાઇનો અનુભવ ટાંકતા પૂ. માએ કહ્યું કે તેમને પોતાના ગુરુદેવનાં દર્શન અમારામાં થયેલાં. આ સાંભળી ત્યાં ઊભેલા શ્રીરામના પરમ ભક્ત એવા શશીકાંતભાઇએ પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યું, "મારા સદ્ગુરુદેવ શ્રી રણછોડદાસ બાપુએ પણ મને આવો જ અનુભવ આપ્યો છે. ભગવાન શ્રીરામ અને રણછોડદાસબાપુ સિવાય બીજા કોઇને હું સાષ્ટાંગ પ્રમાણ કરતો નથી. આપના પ્રવચનમાં આવું, પણ દૂરથી જ પ્રણામ કરી



સંતોષ માનતો. એક રાતે મને સ્વપ્ન દર્શન આપી રણછોડદાસ બાપુએ કહ્યું કે માના દર્શન, વંદન કરવા કેમ જતો નથી? તને ખબર છે એ કોણ છે! એ તો અમારી પણ મા છે. મારા આ અનુભવ પછી હું પૂ. માને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરું છુ." શ્રી શશીકાંતભાઇનો અનુભવ સાંભળી સૌ મંત્રમુગ્ધ બની ગયા. માના મહિમાને અંતરમાં ધારતા સૌએ માને મનથી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી વિદાય લીધી.

આજે સાંજે પાંચ વાગ્યે અમદાવાદથી શ્રી પ્રભુભાઈ તન્ના અને તેમનાં ધર્મપત્ની પૂ. માના દર્શન વંદન માટે આવ્યાં છે. પૂ. મા તેમના સંસ્કારી માતાપિતા અને સંતાનોની સેવાભાવનાને બિરદાવે છે. પૂ. મા કહે "તમારા જેવા સંસ્કાર-સંપન્ન સેવાભાવી સંતાનો માતાપિતાને દેવતુલ્ય માની ઊંડા આદર સાથે તેમની સેવા કરો તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. અમારા જિતુભાઇ ગાંધી પણ માતાપિતાની તન મન ધનથી ઉત્તમ સેવા કરતા અને તેમને પીવા માટે છેક નર્મદાનું પવિત્ર જલ લઈ આવતા.

આજે તા. ૨૭-૪-૮૮ ના રોજ સાંજે પ્રવચન સમયે પૂ. માએ ગુરુભક્તિનું આદર્શ ઉદાહરણ પૂરું પાડયું. છોકરાઓએ આજે પૂ. માની વ્યાસપીઠની બાજુમાં પૂ. ગુરુદેવ પ્રભુનું આસન સજાવ્યુ હતું. પૂ. માએ તરત જ કહ્યું "આ બરાબર નથી. પ્રભુનું આસન મારા મસ્તક પર હોવું જોઇએ, જેથી અમારા પર સતત તેમની કૃપા વરસતી રહે. જેને અમે અમારું સર્વસ્વ માનીએ છીએ તે પ્રભુને યોગ્ય આદર સાથે સન્માનપૂર્વક પ્રતિષ્ઠિત કરવા જોઇએ." બીજે દિવસથી પૂ. માની સૂચના મુજબ આસન ગોઠવાયું ત્યારે જ પૂ. માને સંતોષ થયો. એ જ રીતે પ્રવચનની શરૂઆત પહેલાં પૂ. મા

ગુરુદેવપ્રભુને ઊંડા આદર સાથે પ્રણામ કરે છે. અને પ્રથમ પાવન સ્મરણમાં અંતરનો પ્રેમ વ્યક્ત કરતાં કહે–

"નમસ્કાર ચરણે કરું, ભાવભકિતથી આજ;
સર્વપ્રકારે રક્ષજો, યોગેશ્વર ભગવાન.

આજના પ્રવચનમાં પૂ. માએ સંતોને યાદ કર્યા છે. પૂ. મા કહે "ઇશ્વરદર્શી સંતોનું દર્શન દુર્લભ હોય છે. તેઓ યોગ્ય ભૂમિકા વિના પ્રાપ્ત થતા નથી. સાચા દિલની લગન અને ઝંખના હોય તો તેઓ જરૂર કૃપા વરસાવે છે. આવા સંત મળે તો શું કરશો ? સાંસારિક સુખ સગવડોને બદલે પ્રભુદર્શનની જડીબુટ્ટી માંગજો. રામકૃષ્ણદેવ કહેતા કે આવા સંત મળી જાય તો તેના સમર્થ જહાજ સાથે તમારી તૂટી ફૂટી હોડલી જોડી દેજો. જેથી ભવસાગરને પાર પહોંચી જવાય. શબરીને પણ આવા જ ઇશ્વરદર્શી સમર્થ સંતપુરુષ મળી ગયા. સાચા સંતપુરુષની સંગત સેવતાં સેવતાં શબરી જાતે જ સંતત્વને પામી ગઇ. ઇશ્વરદર્શી મહાપુરુષોનાં વચનોમાં અતૂટ શ્રદ્ધા-વિશ્વાસ જાગી જવાં જોઇએ. શબરી પણ વર્ષો સુધી પોતાના ગુરુના વચનોમાં શ્રદ્ધા રાખી ભગવાન શ્રી રામનાં દર્શન પોતાની જ ઝૂંપડીમાં પામી" પૂ. મા સ્વાનુભૂતિનો પ્રસંગ વર્ણવતાં કહે "અમને પૂ. શ્રીએ એકાદ વર્ષ પહેલાં જ અમારી ડાયરીમાં લખી આપ્યું હતું કે તમે ૧૯૭૯ ના ડીસેમ્બરમાં શાળામાં નહીં રહી શકો. તમારા ગુરુદેવને તમારી ખૂબ ખૂબ ખૂબ જ જરૂર પડશે. સંજોગો એવા ઊભા થયા કે અમારે ગુરુસેવા માટે શાળામાંથી રાજીનામું આપી દેવું પડયું. તે દિવસની તારીખ અમે જોઇ તો તે પહેલી ડીસેમ્બર હતી. સમર્થ સંતપુરુષોનાં વચનો કયારેય નિષ્ફળ જતાં નથી એ અમારો અનુભવ છે. પરંતુ આપણામાં શ્રદ્ધાનું ભાથું ખૂટે છે. શ્રદ્ધા સાથે કૃપા



યાચના માટે લગન લાગી જવી જોઇએ. અમે પૂ. શ્રીના વચનોમાં અડગ શ્રદ્ધા સાથે ત્રણ મહિના સુધી પાશેર દૂધ ઉપરના ઉપવાસો "સાથે રાખો, શાંતિ આપો"ના મંત્ર સાથે કર્યા હતા. નોકરીના રાજીનામા સાથે ઘરબાર, ધનસંપત્તિ અને કૌટુંબિક સ્વજનોનો સહજ ત્યાગ થઇ ગયો હતો. અમને દાસ મલુકાના એ વચનોમાં શ્રદ્ધા હતી કે–

"અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ
દાસ મલુકા યે કહે, સબકા દાતા રામ"

આજ વર્ષો થઇ ગયાં. અમારું યોગક્ષેમ પ્રભુ ચલાવી રહ્યા છે. પૂ. મા કહે "પૂ. શ્રી અમારી આધ્યાત્મિક ભૌતિક અને શારીરિક રીતે સંભાળ રાખી રક્ષા કરે છે. દિવ્ય આધ્યાત્મિક અનુભવો આપી અમારી શ્રદ્ધાને બળવત્તર બનાવી રહ્યા છે. આજે અમારી વાણીમાં જે શ્રદ્ધા અને શક્તિ જોવા મળે છે તેની પાછળ અમારી અનુભૂતિનું બળ છે."

પૂ. મા સ્વાનુભૂતિનો પ્રસંગ ટાંકતા કહે "સુરતમાં પૂ. શ્રી પધાર્યા ત્યારે એક નક્કી દિવસે પાંચ વાગ્યે ઘેર પધારવાનું વચન આપ્યું. અમારા માટે પ્રભુ પધારે તે ઘડી અણમોલ હતી. અમે રોમેરોમથી પ્રભુની પ્રતિક્ષા કરી રહ્યાં હતાં. બરાબર પાંચ વાગ્યે બારણે ટકોરા પડ્યા. પ્રભુદર્શનના ઉત્સાહમાં અમે અમારું અસ્તિત્વ વિસરી ગયા ! બારણું ખોલ્યું પણ અમે ન ખુલી શકયાં. સ્વાગત કોણ કોનું કરે ! શુધબુધ વિસરાઇ ગઇ ! દિવ્યતાનો પ્રકાશપુંજ ચર્મચક્ષુઓ સામે ઝળહળી રહ્યો હતો. અમે અમારા ભગવંતના સાચા સ્વરૂપનાં દર્શનને પામી ધન્ય બની ગયાં ! અમારી આંખો ખુલ્લી ત્યારે પ્રભુ તો કયારનાય રૂમમાં પધારી સોફા પર બીરાજયા હતા. મહાપુરુષોને મૃત્યુ હોતું નથી. તેનો આજે અમે ક્ષણેક્ષણ અનુભવ કરી રહ્યાં છીએ. એ અમારી પીઠ

થાબડી રહ્યા છે તેથી સાધનાપંથે કપરાં ચઢાણ ચઢી રહ્યાં છીએ."

પૂ. મા કહે "આધ્યાત્મિક ક્ષેત્રની જેમ ભૌતિક ક્ષેત્રે પણ અમારી સર્વ રીતે સંભાળ રાખી રહ્યા છે. અમે ઘરબાર, ધનસંપત્તિનો ત્યાગ કર્યો છે. અમારા જીવનનિર્વાહ માટે કોઈ આવક નથી, તેમ અમે કોઇપાસેથી અમારા અંગત ખર્ચ માટે કશું જ લેતાં નથી. છતાં અમારા ભગવંત અમારું યોગક્ષેમ અદ્ભુત રીતે વહન કરી રહ્યા છે. અમારા શામળિયા શેઠ નરસિંહ મહેતાની જેમ આજે પણ અમારી હુંડીઓ સ્વીકારી રહ્યા છે. નરસિંહ મહેતાની હુંડી પ્રભુએ સ્વીકારી હશે કે કેમ? એ કોઇ ગપગોળાની વાત નથી અમારો તો અનુભવ છે."

અનુભૂતિના રણકારથી ગૂંજતી એ પ્રેમવાણીથી શ્રદ્ધાળુ શ્રોતાજનોના અંતર ભીંજાઈ રહ્યાં છે. પૂ. મા કહે "આ શરીરને ટકાવનાર પણ એજ પરમશક્તિ છે. અમારા કઠિન વ્રતો પણ એજ કરાવે છે, અમારી કોઇ શક્તિ નથી. સાધના-પંથ કેટલો કઠિન છે તે શબ્દો દ્વારા નહીં વર્ણવી શકાય. તમે એ પંથે થોડાપણ ચાલી જોશો તો એ કઠિન પંથની ઉગ્રતાનો આછેરો અણસાર પામી શકશો. બાકી ઇશ્વરદર્શી ભકતો સિવાય વેદનાનાં એ વમળો વેઠવા પાછળ કેટલી અપાર આત્મશક્તિ, ધીરજ અને સહનશક્તિ જોઇએ તેનો ખ્યાલ આવી શકતો નથી. અમારા સળંગ ૧૦૮ દિવસના પાણી ઉપરના ઉપવાસો અને એથી પણ વધારે પાણી વિનાના ઉપવાસો દરમ્યાન અમે ફકત અમારા ગરદનથી મસ્તક સુધીના ભાગ સિવાય ખુલ્લી આંખે જ અમારા બાકીના શરીરનું અસ્તિત્વ અનુભવી શકતાં નથી. પ્રખર ઉનાળાના તાપમાં યાત્રામાં હોઇએ ત્યારે ત્રણ ત્રણ દિવસના સતત પાણી વિનાના



ઉપવાસોની વેદના તમને કઈ રીતે વર્ણવી શકીએ! ચારેક વર્ષની ઉપવાસોની કઠિન સાધનામાં પ્રભુ જ અમારો સહાયક રહ્યો છે. સાધનાના કઠિન પંથમાં એ જ અમને દોરી રહ્યો છે. આ શરીરમાં જે કંઈ આપવા જેવું હતું તે પ્રભુને અર્પી દીધુ છે હવે આ અસ્થિપિંજરને પણ ભસ્મિભૂત કરવા તૈયાર છીએ. અમારા પ્રેમીજનોને આ શરીરની ચિંતા થતાં તેઓના આગ્રહને વશ થઈ આ શરીરનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું. નિષ્ણાત ડોકટરોએ આ શરીરને તપાસ્યું- લોહી, પેશાબના રીપોર્ટો મેળવ્યા, કાર્ડિયોગ્રામ પણ લીધો. તપાસને અંતે ડોકટરોએ લખી આપ્યું કે આ શરીરમાં અમને કોઇ શારીરિક તકલીફો જણાઈ નથી. કોણ ચલાવે છે આ શરીરને? વિજ્ઞાન પણ હાથ જોડીને ઊભુ રહ્યું! આનાથી વિશેષ ખાતરી તમારે શું જોઈએ? છતાં પણ આપણું મન શંકા કરે છે કે મા સર્વેશ્વરી છાનામાના કંઇ ખાઇ તો નહીં લેતાં હોયને! પ્રત્યક્ષ પૂરાવા છતાં આપણું મન ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારવા તૈયાર થતું નથી. અમારું તો બધું જ પ્રભુ ચલાવી રહ્યા છે. અમારી કોઇ શક્તિ નથી. જીવનવિમો તો અકસ્માતે અને મૃત્યુ વખતે જ આપણી મદદે આવે છે, જયારે શરણાગત ભકતનું યોગક્ષેમ વહન કરવામાં પ્રભુ કોઇ અકસ્માત કે મૃત્યુની રાહ જોતા નથી. પ્રભુની કૃપાવર્ષા સતત વરસ્યા જ કરે છે."

આજના પ્રવચનના અંતે પૂ. મા કહે "અમારું એ સદ્ભાગ્ય હતું કે અમને એ ઈશ્વરદર્શી મહાપુરુષનું પડખું સેવવાનું મળ્યું. તમને કોઈ ઈશ્વરદર્શી સંત મળે તો તેને વળગી રહેજો, પકડી રાખજો. તુકારામ કહે છે તેમ "સંતના ઘરમાં કૂતરો થવાનું મળે તો પણ સદ્ભાગ્ય માનજો. તેમના ભોજનની કૃપાપ્રસાદી પણ મળે અને આઠેય પહોર પ્રભુનું

નામસંકીર્તન સાંભળવા મળે." સંત મહિમાનું ગાન પૂ. માના મુખમાંથી સહજ વહી રહ્યું–

ચાલોને સાચા સંતને શરણે જઈએ,
એવા સંતોના દાસ થઈને રહીએ,
ચાલોને સાચા સંતને શરણે જઇએ.

(અપૂર્ણ)

દુર્ભાગ્ય સહન કરવા માટે જોઇએ તેના કરતાં વધુ સદ્‌ગુણોની જરૂર સદ્‌ભાગ્ય જીરવવા માટે પડે છે.

IS:10001

ઓ. ૨૫૬૬૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. ૪૬૪૭૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨



# ડૉ. અમીનની સાધનાનાં કેટલાક ઉલ્લેખાયેલ સ્થળના પરિચયો

લેઃ-પુષ્કર ચંદરવાકર

વજ્રેશ્વરીઃ-મહારાષ્ટ્ર રાજ્યમાં મુંબઇથી નજીકમાં વસઇ સ્ટેશનથી લગભગ અઢાર કિલોમીટરે વજ્રેશ્વરીનું સિદ્ધશક્તિનું યાત્રાધામ છે. મહારાષ્ટ્ર રાજ્યના થાણા જિલ્લામાં હોવા છતાં ગુજરાતથી-ઉમરગાંવથી નજીક છે. વજ્રેશ્વરી જવા માટે વસઈના રેલ્વેસ્ટેશનથી ઘણી મોટર, બસો, ટેક્ષીઓ, રિક્ષાઓ, જેવાં વાહનો યાત્રીઓને અને સાધકોને મળે છે. આજથી વીસેક વરસ પહેલાં તે સ્થળ રમણિય ને એકાકી હતું. ત્યાં પરમ શાંતિ પ્રાપ્ત થતી. પણ હવે તે પોંડિચેરીની માફક આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પામેલ હોવાથી મોટી સંખ્યામાં યાત્રીઓ અને સાધકો આવે છે. ત્યાં મોટી વસાહત પણ થઇ છે. આમ તો પહાડ પર નિર્જન સ્થાન છે. ત્યાં ગરમ પાણીનાં કુંડો આવેલા છે. તથા વજ્રેશ્વરી માતાનું પુરાણું મંદિર છે. તેની નજીકમાં ગણેશપુરી આવેલ છે. જ્યાં નિત્યાનંદ મહાપ્રભુજી રહેતા, ત્યાં જ તેમની સમાધિ-જગ્યા છે. ત્યાં પણ ગરમ પાણીનાં ત્રણ કુંડો તથા એક શિવાલય છે.

નિત્યાનંદ સ્વામી અવધૂત કોટીના અતિ ઉચ્ચ સિદ્ધ યોગી પુરુષ હતા; અને એમનો મોટો મહિમા પણ હતો. એમના શિષ્ય તરીકે સંન્યાસી મુકતાનંદ બાબા હતા. મુકતાનંદ બાબાને નિત્યાનંદજીએ યોગદીક્ષા આપેલી અને પછી ગણેશપુરીની તળેટીમાં ગાંવદેવીમાં ગાંવદેવીના માતાના મંદિર નજીક રહેલા. ત્યાં જ ગુરુ આજ્ઞાથી મુકતાનંદ સ્વામીએ એક ભવ્ય આશ્રમ સ્થાપ્યો, જે આજે વિદ્યમાન છે. ચારેક વર્ષ

પહેલાં મુકતાનંદ બાબા બ્રહ્મલીન થયા. ડૉ. અમીન આ ગુરુદેવ આશ્રમમાં ગાંવદેવી રહેતા તે ઉલ્લેખ મળે છે. વળી, ગરમ પાણીના કુંડે ડૉ. અમીન સ્નાનાર્થે જતા તે ઉલ્લેખ પણ આમાં છે.

હવે તો ગાંવદેવી મુકતાનંદ આશ્રમથી નિત્યાનંદ સમાધિ સુધીનો બધો જ ભૂભાગ ગણેશપુરી નામે ખ્યાત બન્યો છે. ગણેશપુરીના આસપાસના વિસ્તારમાં જંગલ-ઝાડી છે.

મણુંદ : કૃષ્ણાનંદજી થોડો વખત રહેલા. ત્યારે ઇ. સ. ૧૯૬૨–૬૩માં ડૉ. અમીન તેમને મળેલા છે. પણ તેમની સાથે ઘનિષ્ઠ પરિચય થયેલો નહિ. મારા ખ્યાલ પ્રમાણે વિજાપુર તાલુકાના પીલવાઇ ગામના સીમાડે પચાસ ઘરના ને એક જ પિતાના વંશજોથી ઉભરાતા પટેલગામ રામનગરમાં કૃષ્ણાનંદ સ્વામીનો નાનકડો આશ્રમ છે. જ્યાં આ લેખક તેમના સાન્નિધ્યમાં ત્રણ દિવસ અધ્યાત્મ ને યોગ સંબંધી જ્ઞાન–વિજ્ઞાનથી જ્ઞાત થવા રહેલ. તેઓ મૂળ ખેરવાના વતની. ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ. પૂર્વાશ્રમમાં તેઓ વડોદરા રાજ્યના પોલીસ અફસર. ૪૨ની લડત વખતે કલોલ ને કડી તેમના નીચે હતાં. ૪૨માં ગોળીબાર વગેરે રાજ્યશાસનની આજ્ઞા પ્રમાણે કરવા પડતા. ગોળીબાર, લાઠીમાર વગેરેથી તેમનું મન ઉપરતિ ભાવને પામ્યું. ગાયકવાડી નોકરી ત્યજીને ખેરવા આવ્યા ને ત્યાં તેમના વ્હાલામાં વ્હાલાં સ્વજનોમાંથી પત્ની ને એક માત્ર પુત્રી મૃત્યુ પામ્યાં. આથી તેઓ જીવ, જગત અને ઇશના સંબંધને પામવા કાશી ગયા. સંસ્કૃત જેવી જ્ઞાનભાષાને સેવી હિમાલયમાં ગયા. ભારત પરિભ્રમણ કર્યું. સાબર તીરે માત્ર પાણી પર થોડા મહિના ગુજાર્યા ને ત્યાર બાદ રામનગરમાં સ્થિર થવા ગયા. ત્યાં પણ અનેક સંકટો વેઠ્યાં. તેઓ ઉત્તમ કોટિના દાકતર પણ છે. કાયદા શાસ્ત્રની



ઉપાધિ ધરાવે છે. લોકસાહિત્ય ને ચારણી સાહિત્ય સાથે સંગીતના ઉત્તમ જ્ઞાતા છે. તેઓ નિત્ય દરેક ઘેર જઇ દરદીના સમાચાર સવારે લઈ આવી તેની સુશ્રુષામાં પ્રભાત ને પ્રાતઃ-કાળ ગાળે છે. તે ઠેઠ મધ્યાહ્ન સુધી દરદીઓને દવાઓ ને ઈંજેકશનો પોતે આપે છે ને; મુમુક્ષુ સાથે સત્સંગ કરે છે. રામનગર, અમદાવાદ મહુડી વચ્ચે નાનકડી ગામડી છે. પણ પૂ. સ્વામીજીએ તેને આદર્શ ગામ બનાવ્યું છે. પીલવાઈથી ચાલીને તે ગામે જઈ શકાય તેટલા અંતરે છે. તે ગામે જવા માટે રેલ-રસ્તો પણ છે. કલોલ વિજાપુરના રેલરૂટો પીલવાઇ સ્ટેશનથી નીકળે છે. તે પીલવાઇ પહેલાં રામનગર રેલરસ્તે પહેલું આવે છે. તે બાદ પીલવાઈ! ઉત્તર ગુજરાતમાં ઐતિહાસિક દૃષ્ટિએ સંતકવિ સત્તાર સાહેબના લીધે પીલવાઇ ખૂબ જાણીતું છે. ઇ. સ. ૧૮૫૭નો બળવો તેમ જ ગાયક-વાડે પીલવાઇને તોપમારો ચલાવી નાશ કરવા જે મથામણ કરેલ તે જાણીતી ઐતિહાસિક ઘટનાઓ છે. તેના શિષસ્થાને રામનગર છે.

કાયાવરોહણ ( કારવણ ) : ડૉ. અમીન કૃપાલ્વાનંદજી સ્વામીના પરિચયમાં કાયાવરોહણ–કારવણ મુકામે આવેલા. કાયાવરોહણ કારવણ ગામ વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકા-નું ગામ છે. શિલ્પસ્થાપત્યના પ્રાચીન સ્થળ તરીકે તે નગર ગુજરાતમાં ને ગુજરાત બહાર હીરા–કડીયાના કારણે સુખ્યાત છે. આ ડભોઈ નગરની પશ્ચિમે પંદર કિલોમીટરના અંતરે કારવણનું તીર્થસ્થાન છે.

ભગવાન લકુલીશે અહીં જ પાશુપત શૈવ સંપ્રદાય સ્થાપ્યો હતો અને સોલંકીવંશના રાજાઓ પાશુપત શૈવ સંપ્રદાયના અનુયાયીઓ હતા. કારવણમાં કૃપાળુ આશ્રમ અને બ્રહ્મેશ્વરનું ભવ્ય મંદિર છે. વળી ત્યાં એક અન્નક્ષેત્ર

પણ ચાલે છે. જિજ્ઞાસુઓએ ડૉ. અમીન લિખિત બે પત્રિકાઓ ને એક ગ્રંથ આના સંદર્ભમાં વાંચી જવા જરૂરી છે. પત્રિકાઓ છે. 'લકુલિશ-પાશુપત સંપ્રદાય : ઉત્પત્તિ અને પ્રસાર.' આ પત્રિકા 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૨, : મૌર્યકાલથી ગુપ્તકાલના પરિશિષ્ટરૂપે છે. તો તે જ ગ્રંથના ભા-૪ ના પરિશિષ્ટરૂપે છે. ગુજરાતના પાશુપત આચાર્યો સાથોસાથ ડૉ. અમીનના આકારગ્રંથ શા પુસ્તક 'શૈવધર્મ : ઊગમ અને વિકાસ' નાં લકુલીશ સંપ્રદાય પરના પ્રકરણો જોવાં જોઈએ.

ચિત્રોડઃ-સાસણગિરમાં તલાલા તાલુકામાં ચિત્રોડ ગામ આવેલું છે. તે ગામે ઓમકારાનંદજીનો આશ્રમ હતો. આશ્રમ નાનો; આસપાસ પલાશ-ખાખરાનાં વૃક્ષો અડાવતડ ઉગેલાં. ત્યાં ગિરનું જંગલ છે. અહીં રહી ઓમકારાનંદજી સ્વામી યોગસાધના કરતા.


શ્રી યોગેશ્વર કૃપા.

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.




## તેં કર્યું શું ?

અલ્યા ! સૃષ્ટિમાં આવીને તેં કર્યું શું ?
પ્રશ્નપત્ર આજ પૂછું દે જવાબ તું !...અલ્યા.
રામે જો ત્યાગ ભર્યો, શ્રીકૃષ્ણે પ્રેમ ભર્યો,
બુદ્ધે અહિંસા ભરી, દયા મહાવીરે ભરી,
તેં ભર્યું શું ?...અલ્યા.
મીરાંએ ભક્તિ ભરી, નરસિંહે મુક્તિ ભરી,
ગાંધી સતશિખ, સંસ્કૃતિ 'દાદા' એ ભરી,
તેં ભર્યું શું ?...અલ્યા.
પ્રેમના પચીસ ગુણ, ત્યાગના છે તેર,
અહિંસાના ચાર, દશ દયાના ગુણ બેર,
ભક્તિના આઠ ગુણ ને જ્ઞાનના છે બાર,
સત્યના જ સત્તર ને સેવાના 'ગ્યાર,
તેં કર્યું કશું ?
ઉમેરવાનું શું ? ...અલ્યા.
પાપના પચીસ ને અસત્યના અઢાર છે,
સ્વાર્થના છે સાત ને બૂરાઈના બાર છે,
નિર્દયતા નવ ગુણ, દશ દગાના ઘર,
ચોરીના ચાર, પર પંચાતના પંદર,
બાદ કર બધું !
બાકી બચ્યું શું ? ...અલ્યા.
મનને બહેલાવ્યું ને તનને શણગાર્યું,
સારું સારું ખાઈપીને મેદને વધાર્યું !
લોહી બન્યું શું ?
'રંગેશ' વળ્યું શું ? ...અલ્યા.

નરહરિ પંડ્યા-રંગેશ

## ગીતા ગૌરવ ગાજે

(ગીત)

ગીતા ગૌરવ ગાજે, મનવા
ગીતા ગૌરવ ગાજે,

સહુ માનવની માતા એ છે,
જીવનભરની શાતા એ છે,
મન મૂંઝવણની ત્રાતા એ છે.
જે સત્ય વિજયની ચાવી,
બસ, એનું ગૌરવ ગાજે, મનવા
ગીતા ગૌરવ ગાજે.

જ્ઞાન, કર્મ ને ભક્તિ એમાં,
સુખદુઃખનું નિવારણ એમાં,
ન્યાય નીતિની ઝાંખી એમાં.
જે શાંતિસુખ સરવાણી,
બસ, એનું ગૌરવ ગાજે, મનવા
ગીતા ગૌરવ ગાજે.

અભય થવાની શીખ છે જેમાં,
હિંમતની કિંમત છે જેમાં,
જીવનજીતની ચાવી જેમાં-
જે વિવેકની છે વાણી,
બસ, એનું ગૌરવ ગાજે મનવા
ગીતા ગૌરવ ગાજે.

-'મધુરમ'



(પાના ૨૪ નું અનુસંધાન)

અત્યંત પ્રેમ રાખતી. ગીતામાં ભગવાન કૃષ્ણે કહેલાં વચન મુજબઃ-

'મારું શરણ લઈને હે અર્જુન, જે પાપયોનિવાળા જીવો છે તે તથા સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો પણ તરી જાય છે અને ઉત્તમ ગતિને મેળવી લે છે, તો પછી બ્રાહ્મણો પુણ્યશાળી ભક્તો અને રાજર્ષિઓના સંબંધમાં તો કહેવું જ શું ? આ પરિવર્તનશીલ સુખરહિત સંસારમાં શ્વાસ લેતાં મારી જ ભક્તિ કરે.' મહર્ષિના સંબંધમાં પણ એવું જ હતું. એમની સ્વર્ગીય છત્રછાયામાં પહોંચીને કોઇપણ પ્રકારના ભેદભાવ વિના સૌ કોઈ સુખ-શાંતિ મેળવી શકતાં ને પ્રેરણા તથા પ્રકાશથી પવિત્ર બનતાં. એમનો આશ્રય નકામો ન જતો પણ જીવનું કલ્યાણ કરતો. એ કલ્યાણમાંથી સ્ત્રીઓ પણ મુક્ત નહોતી.

સુંદરમ્માલ સાધનાપ્રેમી સ્ત્રી હતી. એને પહેલાં મૂર્છાનો વ્યાધિ લાગુ પડેલો. એથી એ અત્યંત અસ્વસ્થ રહેતી. પરંતુ મહર્ષિના આશ્રમમાં અવારનવાર આવવાથી એનો એ વ્યાધિ કાયમને માટે મટી ગયો.

એને કોઇ સંતાન ન હતું. સાંસારિક જવાબદારીઓ પણ એટલી બધી ન હતી. એટલે એ આશ્રમમાં અવાર-નવાર આવવા લાગી. એનો વૈરાગ્યભાવ બળવાન બનતો ગયો. મન સંસારના વિષયોમાંથી ઉપરામ થવા લાગ્યું. મહર્ષિની સંનિધિમાં એને ઉચ્ચ પ્રકારના આત્મિક સુખની અનુભૂતિ થવા લાગી. એનો અંતરાત્મા વધારે ને વધારે વિશુદ્ધ બનતો ગયો. એના અંતરમાં સર્વ સંગ પરિત્યાગ કરવાની ભાવનાએ જોર પકડ્યું. એની અવસ્થા ભક્તિમતી મહાસાધ્વી

મીરાંબાઈ જેવી થવા લાગી.

રમણાશ્રમમાં આવીને ઉચિત માર્ગદર્શન મેળવવાની ઇચ્છાથી પ્રેરાઇને એ પરમ પ્રતાપી મહાપુરુષને પ્રશ્ન પૂછયો.

'મારે સંન્યાસિની થવું હોય તો તમારો શો અભિપ્રાય છે ? હું સંન્યાસ લઉં તો તેમાં કોઈ હરકત છે ખરી ?'

મહર્ષિએ એમની લાક્ષણિક રીતે શાંતિપુર્વક ઉત્તર આપ્યો. 'કોઈ હરકત નથી દેખાતી.' એ સન્નારીને એટલું જ જોઇતું હતું. મહર્ષિને એ સદ્ગુરુ માનતી. તેથી મહર્ષિનાં વાકયો એના માટે વેદવાકયો થઈ પડયાં. એણે માન્યું કે મહર્ષિએ અનુ-મતિ આપી દીધી.

થોડા વખતમાં તો એણે સંન્યાસ પણ લઈ લીધો. કાષાય વસ્ત્રો ધારણ કર્યાં, જટા ધારણ કરી ને સંસારનો ત્યાગ કરી દીધો.

સાધનાના સફળ અનુષ્ઠાનને માટે પવિત્ર અરુણાચલનું સ્થાન સહજ રીતે જ પ્રાપ્ત થયેલું. એ સુંદર સ્થાનમાં મહર્ષિની સંનિધિનો આનંદ અનુભવતાં સાધના કરવા માંડી.

દિવસ દરમ્યાન આશ્રમમાં રહેતી અને રાતે સદ્ગુરુ સ્વામીની ગુફામાં વિશ્રામ તથા સાધના કરતી. એક રાતે એણે વિરૂપાક્ષી ગુફામાં વાસ કર્યો. સિદ્ધિની પ્રાપ્તિ કરવાની ઉત્કટ આકાંક્ષાથી એણે એના શેષ જીવનને કઠોર તપશ્ચર્યામાં જોડી દીધું. એ જાણુતી કે જીવન ટૂંકુ ને ઝડપથી વહી જનારું છે. એવા જીવનમાં જેણે વહેલી તકે કાંઇક મહત્ત્વનું લક્ષ્યાંક સિદ્ધ કરવું હોય તેણે પ્રમાદનો પરિત્યાગ કરીને સતત સાધનામાં લાગી જવું જોઈએ. બે કેળાં અને એક પ્યાલા દૂધ પર રહીને પોતાનો જીવન-નિર્વાહ કરવા લાગી.



પરિણામે એનું શરીર કૃષ અને આત્મા વધારે ને વધારે તેજસ્વી શાંત ને શકિતશાળી થયો.

તપશ્ચર્યાથી વખત વીતવા સાથે એને શાંતિ ને સિદ્ધિ મળવા માંડી અને જીવનની ઓછીવત્તી અનુભૂતિ થવા લાગી. સાધનામાં એને મહર્ષિનું માર્ગદર્શન ખૂબ જ ઉપયોગી થઈ પડયું.

પાછળથી એ સંન્યાસિનીએ તીર્થોની યાત્રા પણ કરી. તીર્થયાત્રા પૂરી કરીને એણે મસ્તક પરની જટાને દૂર કરીને શાંતિ તેમ જ નિજાનંદપૂર્વક તપ કરતાં ને જીવનમુકિતનો આનંદ લેતાં એક જ સ્થળે રહેવા માંડયું. એનું જીવન મહર્ષિના અનુગૃહના ઉજજવળ ઇતિહાસ જેવું બની ગયું.

મન ઉપર જ સુખ અને દુઃખનો આધાર છે.

*

ભકિત અને ભોગ એક સાથે રહી શકે નહિ—પ્રકાશ અને અંધકાર.

*

વિશ્વાસ રાખી શ્રદ્ધાથી રામ નામ જપ કરો.

*

સવારના પહોરમાં જાગ્રત થતાંની સાથે જ બે સારાં વાકયો બોલવાની ટેવ કેળવજો.

*

પ્રાર્થના માટે સમય ન મળતો હોય તો ઉંઘમાંથી પાંચ મિનિટ પણ ઘટાડીને તેનો ઉપયોગ લેજો.

*

મન, વાણી કે કલમથી કોઇની ટીકા કે નિંદા ન કરો.

# શ્રદ્ધા : સ્વયં દિવ્યચક્ષુ

અનિરુદ્ધ મો. ઠાકર

વિશ્વાસને માત્ર એક જ નામ છે–તે છે શ્રદ્ધા; આમ વિશ્વાસ અને શ્રદ્ધા બંને એકનામી છે. આ સિવાય તેઓનું બીજું કોઈ નામાભિધાન હોઇ શકે નહીં. બહુ બહુ તો આપણે "આસ્થા" ના નામ સુધી પહોંચી શકીએ, પરંતુ શ્રદ્ધાની આગળ પ્રત્યયો કે વિશેષણો લગાડીને તેને બહુ પરિમાણી બનાવવાનો વ્યર્થ પ્રયત્ન કરીએ છીએ; આવા પ્રયત્નથી તેની પ્રતિષ્ઠા, માળખા કે પરિવેશને બેહૂદું બનાવવાની ચેષ્ટા થાય છે. પરંતુ તેમ થઇ શકતું નથી, આવો પ્રયત્ન બીનપરિણામી પુરવાર થયો છે—દા. ત. અંધશ્રદ્ધા.

શ્રદ્ધાની આગળ "અંધ" શબ્દ મૂકીને આપણે સૌ આપણો જ અંધાપો વ્યકત કરીએ છીએ. શ્રદ્ધા કદી આંધળી હતી નહીં, છે પણ નહીં. જે અન્યનો અંધાપો દૂર કરી શકનાર હોય છે, તેનાં પોતાનાં ચક્ષુઓ તો પ્રમાણમાં વધુ તંદુરસ્ત હોય જ ને?

શ્રદ્ધા તો પોતે જ "દિવ્યચક્ષુ" છે; શ્રીકૃષ્ણે પોતાના વિરાટસ્વરૂપના દર્શનાર્થે અર્જુનને આપ્યાં હતાં તેવાં જ. શ્રદ્ધામાં તો સામર્થ્ય છે અન્યને આંખો આપવાનું.

માનવીના પોતાના જીવનમાં આસ્થા, શ્રદ્ધા કે વિશ્વાસના પાયા તૂટે, સડે, હચમચે કે ભાંગીને ભૂક્કો થાય ત્યારે તે અંધશ્રદ્ધાના શરણાર્થી થાય છે; પરંતુ તેનું આ શરણું કે આશ્રય પણ આકાશમાં ઊગેલા ફૂલોની પ્રાપ્તિ જેવું અવાસ્તવિક પ્રતિત થાય છે; કારણ કે "અંધ શ્રદ્ધા" વાસ્તવમાં હયાતી જ ધરાવતી નથી; તેને પોતાનું આગવું સ્વતંત્ર



અસ્તિત્વ જ નથી. અંધ શ્રદ્ધા તો છે શ્રદ્ધાનો અભાવ.

શ્રદ્ધાના શૂન્યાવકાશમાં અંધ શ્રદ્ધાની વિચિત્ર અને કાલ્પનિક આકૃતિઓ માનવીનું માંદું અને કમજોર મન ઊભી કરી દે છે. આમ અંધશ્રદ્ધા એ આપણાં માંદા અને નમાલા મનનો ગંજીપત્તાનો મહેલ છે—સાવ કાચો અને કલ્પિત.

અંધશ્રદ્ધા છે માનવીના મનની માંદગી, બિમારી અને અતંદુરસ્તી. શ્રદ્ધાના "સ્ટેથેસ્કોપ" થી અંધશ્રદ્ધાનું નિદાન અને પછી તેનો યોગ્ય ઉપચાર આપણે સવેળાએ નહીં કરીએ તો તેનો ચેપ પ્રથમ વ્યકિત, પછી કુટુમ્બ અને ગામ જેવા સમાજના એકમો પર ગેરીલો લડાયક હૂમલો કે છાપો મારીને પોતાની હકૂમત જમાવી દેશે.

એક જાગૃત વિચારકે આના સંદર્ભમાં યોગ્ય કટાક્ષ કર્યો છે કે સો અંધશ્રદ્ધાળુ આસ્તિક કરતાં એક સ્પષ્ટવકતા અને નિખાલસ નાસ્તિક વધુ શ્રેષ્ઠ છે.

શ્રદ્ધાનો આવિષ્કાર થતાં જ જીવનમાં આશાની ક્રાંતિનો એક નવો સૂરજ ઊગે છે, કારણ શ્રદ્ધા પોતે જ એક અદ્‌ભુત ચમત્કૃતિ છે.

આપણી જ આજુબાજુ આપણને એવા માણસો જોવા મળશે કે જેના જીવનમાં શ્રદ્ધાનાં પુષ્પો પુરબહારમાં ખીલ્યાં છે; આવી વ્યકિતઓનાં જીવન સ્વયં ઉત્સવપૂર્ણ બની જાય છે.

શ્રદ્ધાનો સાવ સાદો અર્થ "આત્મવિશ્વાસ" થાય છે. સ્વયંની શકિત કે સામર્થ્યનું સ્વભાન કે પૂર્ણ આત્મપ્રતિતિ એટલે જ આત્મવિશ્વાસ. આત્મવિશ્વાસનાં આંગણામાં જ શ્રદ્ધાનાં સુરજમૂખી-છોડનું પ્રાગટ્ય થાય છે.

મુ. પોસ્ટઃ-રામગઢ (જેગડવા) પીનકોડઃ-૩૬૩૩૧૦
તાઃ-ધ્રાંગધ્રા, જિઃ-સુરેન્દ્રનગર.

# મુમુક્ષુ-સાધકજનો માટે સાધનાલય

ચેલા નાગા પાગલ ગુરુ પૂ. શ્રી મોટા

માંગલ્યધામ માલસર ! સ્વ. મુ શ્રી ઇશ્વરલાલ ઇચ્છારામ દેસાઇએ એક પુસ્તક માલસર વિષે લખેલું છે. તેમાં જે વિશેષણ "માંગલ્યધામ" વાપર્યું છે તેની સાર્થકતા તો માલસરની પ્રત્યક્ષ મુલાકાત લઇને જ અનુભવી શકાય.

નર્મદામૈયાના રમણીય. સ્વચ્છ, વિશાળ, રેતાળ પાવન કિનારે હરિયાળીથી લહેરાતા કેળ વિ. ના ખેતરો, ઘટાદાર આમ્રવૃક્ષો, વિશાળ લીમડાઓ અને ઘેઘુર વડલાઓથી શોભિત માલસર ગામનું કુદરતી સૌંદર્ય પ્રથમ મુલાકાતમાં જ કોઇને પણ આકર્ષી લે તેવું અદ્‌ભુત વશીકરણવાળું તો છે જ. ઉપરાંત ત્યાંના અંગારેશ્વર મહાદેવ, મંદિર, સત્યનારાયણ મંદિર, અને અંબામાતાના મંદિરમાં સાધક-મુમુક્ષુ જનોના ભોજન-નિવાસ માટે વિશિષ્ટ વ્યવસ્થા અને સગવડ છે. જેનો યથોચિત લાભ તે તે સ્થળોની જાણવાળા મુમુક્ષુ-સાધકો લઈ રહ્યા છે.

આમ તો નર્મદા-મૈયાના પાવન કિનારે મુમુક્ષુ-સાધક જનો માટે અનેક આશ્રમો, તીર્થો અને મંદિરો આવેલાં છે પણ માલસર સ્થિત અંબામાતાના મંદિરમાં છેલ્લા છ-સાત વર્ષથી મુમુક્ષુજનો માટે સાધનાલયની સ્થાપના કરવામાં આવી છે જે તેવા તમામ સ્થાનોમાં એક અજોડ, વિશિષ્ટ, નિરાળું શિરમોરભર્યું બેનમૂન સ્થાન ધરાવે છે.

પૂ. શ્રી મોટા ( હરિઃ ૐ આશ્રમ, સુરત, નડિયાદના મૌન મંદિરોના આદ્ય-સ્થાપક )ના મત અનુસાર સાધના સ્થળની ત્રણ આવશ્યક શરતો છે. શાંત એકાંત જગ્યા,



આધ્યાત્મિક આંદોલનોથી ભરપૂર તપોભૂમિ અને વિશાળ જળરાશિ. આ ત્રણેય શરતોને પરિપૂર્ણ કરે છે-અંબા માતાના મંદિરમાં આવેલું સાધનાલય. નર્મદામૈયાના શાંત, એકાંત પવિત્ર કિનારે વિશાળ, ઘેઘુર, ઘટાદાર, વિવિધ ફળ-ફૂલોના વૃક્ષોથી શોભાયમાન અને પક્ષીઓના મધુર કલરવથી ગુંજાયમાન વાતાવરણવાળા રળિયામણા સ્થળમાં સાધનાલયના પાંચ ઓરડાઓ છે. સાધક-મુમુક્ષુ-જન મંદિરના પ્રવેશદ્વારમાં પ્રવેશ કરે તે જ ક્ષણેથી ત્યાંની દિવ્ય પવિત્ર તપોભૂમિના પ્રખર આધ્યાત્મિક આંદોલનો સાથેનું શાંત, એકાંત વાતાવરણ તેનો સંપૂર્ણ કબજો જમાવી દે છે જે તે સ્થળની પ્રત્યક્ષ મુલાકાત લઇને અનુભવી શકાય છે.

હવે સાધનાલયના નિયમો અને તેની સગવડો વિષે જોઈશું. કેવળ સાધકો માટે જ સાધનાલયનો એક રૂમ આપવામાં આવે છે. તે રૂમમાં એક વ્યક્તિ અગર વાનપ્રસ્થી પતિ-પત્ની અથવા ગુરુ-શિષ્ય રહી શકે છે. પરિચિત સાધકોને પ્રવેશ અપાય છે…… …સાધકોએ ત્યાંના નિવાસ દરમ્યાન બ્રહ્મચર્યનું પાલન અચૂક કરવું. બને તેટલું મૌન રાખવું અગર વાતચીત ખૂબ જ ધીરેથી કરવી જેથી અન્ય સાધકોને તેમના ધ્યાન કે સાધનામાં વિક્ષેપ પડે નહિ. સાધક ભાઈ-બહેનોએ તેમના ભોજનની વ્યવસ્થા તેમજ ખંડની સફાઈ જાતે જ કરી લેવાની રહે છે.

સાધનાલયનો દરેક ખંડ ૧૫'×૮' નો છે. તેમાં ચોવીસ કલાક પાણીની સગવડ સાથે નળ, ચોકડી, પાણિયારું વિ. છે. ઉપરાંત જરૂરી ફરનીચર ખુરશી, ટેબલ, પલંગ, ગાદલા વિ. છે. વિજળીની બત્તી, નાઇટ લેમ્પ ઉપરાંત સિલિંગ ફેનની ખાસ વધારાની સગવડ છે. રૂમમાં રસોઈ વિ. માટે ફકત કેરોસીનનો સ્ટવ કે ગેસ વાપરી શકાય છે. જાજરૂ, બાથ-

રૂમની સગવડ રૂમની બહાર અલગ સ્વતંત્ર છે.

આ સાધનાલયના વિશિષ્ટ લાભ સગવડ એ છે કે બે વ્યક્તિઓ એકી સાથે રહી શકે છે. વાનપ્રસ્થી પતિ-પત્ની અથવા ગુરુ-શિષ્ય. સાધનાખંડ પોતાની સગવડ મુજબ ખોલ-બંધ કરી શકાય છે. જે સાધક જનો સંપૂર્ણ બંધ ઓરડામાં રહેવા ટેવાયલા નથી, જે તદ્દન એકલા રહેવા ટેવાયલા નથી અથવા તો દમ, શ્વાસના રોગોથી કે બ્લડ-પ્રેસર જેવી તકલીફથી પીડાતા હોય અને બંધિયાર વાતાવરણ ફાવતું ના હોય તેવા સાધક માટે તો આ સાધનાલય સ્વર્ગ સમાન છે. વળી સાધનાલયમાં નિવાસ કરવા માટે ફરજિયાતપણે કોઇ ચાર્જ લેવામાં આવતો નથી. સાધુ-સંન્યાસીઓ વિરકત-ત્યાગીઓ પાસેથી કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. સાંસારિક-ગૃહસ્થાશ્રમીઓ તરફથી દાન અથવા ભેટની આશા રાખવામાં આવે છે પણ ફરજિયાતપણે કશું જ નહિ.

સાધક-જનો સ્વમરજીથી દાન-ભેટ આપી શકે છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. અંબા માતાનું મંદિર જાહેર પબ્લિક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. નંબર વડોદરા-એ. ૧૨૪૯. દાતાઓને કરમુક્ત દાનની પાવતી આપવામાં આવે છે.

જીવનમાં શાંતિ, આનંદ, પ્રસન્નતા, પ્રફુલ્લતા, તાજગી મેળવવા માટે અનેક નુસખાઓ છે તે પૈકી એક આ પણ છે. વર્ષમાં એકાદ વખત પાંચ-સાત દિવસ માટે પણ સાધનાલયનો નિવાસ કરી પ્રત્યક્ષ અનુભવ જરૂર કરી જોવા જેવો છે.

C/o હરિ ૐ આશ્રમ
જહાંગીરપરા
સુરત-૩૯૫૦૦૫.



# સૂફીસંત જલાલુદ્દીનની એક ઝલક

ભાઇલાલભાઇ છાટબાર

સંસારભરના આધ્યાત્મિક સાહિત્યની સર્વશ્રેષ્ઠ કૃતિઓમાં સૂફીસંત 'જલાલુદ્દીન રૂમી'ની કૃતિ-મનસવી (કાવ્યકૃતિઓનો સંગ્રહ)-ની ગણના થાય છે. તેની એક બહુ પ્રસિદ્ધ કવિતા છે :

"પ્રેમી પોતાની પ્રેયસીના બારણે ટકોરા મારે છે."

અંદરથી અવાજ આવે છે—'કોણ ?'

પ્રેમી કહે છે કે—હું છું તારો પ્રેમી. મારી ઓળખ ના પડી ? તને તો મારા પગરવની પણ પરખ છે. તે શું ભૂલાઇ ગઈ ? મારા અવાજનેય ના ઓળખ્યો ?

પરંતુ અંદરથી અવાજ આવ્યો—'હજી તારી એટલી યોગ્યતા નથી કે દ્વાર ખૂલે. હજી તું અધિકારી નથી.'

પ્રેમી પરેશાન થઇ ગયો કેમકે પ્રેમી તો હંમેશા એમ ધારતો હોય છે કે પોતે અધિકારી છે જ.

પ્રેમી દ્વાર પરથી પાછો ફરી ગયો. વર્ષો સુધી ભટકતો રહ્યો. પ્રેમનો મર્મ સમજવાની તે કોશિષ કરતો રહ્યો. તે ધ્યાનમાં ઊતર્યો, પ્રાર્થનાનો આશરો લીધો. ધીરે ધીરે પ્રેમનો આવિર્ભાવ થયો.

ફરીથી પ્રેયસીના બારણે ટકોરા માર્યા.

અંદરથી અવાજ આવ્યો—'કોણ ?'

તો-જલાલુદ્દીન કહે છે કે-હવે પ્રેમીએ ઉત્તર આપ્યો —'તું જ છો.'....

પરમપ્રેમની તે યાત્રા હજી અધૂરી છે. હજી પણ દ્વાર ખૂલે તેમ નથી કેમકે જ્યાં 'તું' છે ત્યાં 'હું'નો લોપ નથી. પ્રેમનું ભક્તિમાં રૂપાંતર નથી થયું.

પ્રેમ સંભાવના છે. તે પ્રગટ નથી હોતો. પ્રેમ કોઇ પ્રાપ્ત સંપદા નથી. તેનું સર્જન થાય છે. પછી પ્રેમ-સંભાવના પરમપ્રેમ સ્વરૂપે પ્રગટી ઊઠે છે અને પરમપ્રેમ સત્ય બની રહે છે.

પ્રેમીએ પહેલાં કહ્યું હતું—'હું.'

હવે તે કહે છે—'તું.'

પરંતુ 'હું'નું 'તું' માં પરિવર્તન થવાથી કોઈ તફાવત નથી પડતો.

'હું' લોપાઇ જાય પછી 'તું' પણ ક્યાંથી શેષ રહે?

'તું' નો સારોય અર્થ 'હું' માં છુપાયેલો પડયો છે. 'તું' ને 'હું' સાથે સાપેક્ષતા છે.

'હું' જ ના બચ્યો પછી 'તું' કોણ?

'હું' નું વિસર્જન થતાં જ 'તું' નું વિલોપન થઇ જાય છે.

અધિકારી બનવાની ક્ષમતા પ્રાપ્ત કરવા હજી થોડું વધારે ભટકવાનું બાકી રહે છે. શોધ માટે હજી અવકાશ છે.

અડધી યાત્રા થઈ ગઈ તો પૂરી યાત્રા પણ કદીક થઈ જાય.

માર્ગ પકડ્યો છે તે ઠીક છે પરંતુ ગંતવ્યસ્થાન હજી દૂર છે. અડધી યાત્રા થઈ ગઈ છે કે જેમાં 'હું' નો લોપ થઇ ગયો.

બાકી અડધી યાત્રા પૂરી કરવાની રહે છે કે જેમાં 'તું' નો પણ લોપ થઈ જાય.



'પરમપ્રેમ' ત્યારે પમાય છે જ્યારે પ્રેમી પણ બચતો નથી અને પ્રેયસી પણ રહેતી નથી—'હું' અને 'તું' બંનેનો લોપ થઈ જાય છે.

—અને ત્યારે ક્ષણે ક્ષણ અને કણે કણમાં 'પરમપ્રેમ'નું દ્વાર ઉઘડી જાય છે.

પ્રેમી પોતે લુપ્ત થઈ જાય, તે ખુદ પોતાનાથી અણજાણ બની જાય તોપછી પરમાત્માને પ્રાપ્ત કરવામાં શી અટકાયત રહે?

'હું' ને ભૂલી જાય, 'હું' ને છોડી દે, 'હું'ની પકડ-માંથી છુટી જાય તો પરમપ્રેમ-સ્વરૂપ પરમાત્માની મસ્તી સર્વત્ર હરક્ષણે છવાઈ રહેલી માલૂમ પડે છે.

'હું' નથી, 'તું' નથી, 'તે' નથી—બસ મસ્તી જ મસ્તી છે. આ જ અવસ્થા પરમપ્રેમ-સ્વરૂપા છે.

પ્રેમનું ભક્તિમાં રૂપાંતર થઇ જાય છે. પ્રેમ કળી છે, ભક્તિ ફૂલ છે.

ભક્તિ પ્રેમનું પરમ શિખર છે અને ગંતવ્યસ્થાને હવે પહોંચ થઇ ચૂકી હોય છે કેમકે મુકામ પરમાત્મા છે.

વ્યક્તિ જે થઈ શકે છે તેની આત્યંતિક સંભાવના-તેની પૂર્ણતા અહીં છે, જેનાથી આગળ હવે ક્યાંય જવાનું નથી હોતું.

આત્મા-આત્મા સાથેના—આત્મ-પરમાત્મા સાથેના મિલનથી જે રસ દ્રવે છે, તે ભક્તિ છે.

પછી ભક્તમાં શ્વાસપ્રશ્વાસે પરમાત્મા ધબકાર લે છે.

ભક્ત ભગવાન બની જાય છે, ભગવાન ભક્ત બની જાય છે.

× × ×

( પાના ૧૬ નું અનુસંધાન )

પગે ને શરીરે કોલન વોટર લગાડયું. વળી થોડો બરફ લાવીને ઘસ્યો. પણ પૂ. માને રહેવાય નહિ. અમને ચિન્તા થઈ ગઈ કે પૂ. માને હવે એરપોર્ટ ઉપરથી બહાર શી રીતે લઈ જવાશે ? એક વિકલ્પ તરીકે વ્હીલચેર અંગે પણ પૃચ્છા કરી લીધી. પરંતુ ન્યુયોર્ક આવતાં જ પૂ. મા ટટ્ટાર થઇ ગયાં. પૂ. શ્રીની પ્રતિકૃતિ લઇ ઉતર્યાં ને અમને કયાંથી કેમ જવાય એનું માર્ગદર્શન આપવા મંડી ગયાં.

અમને આશ્ચર્ય સાથે આનંદ થયો. ઘડી પહેલાની એમની અશક્તિ અને શારીરિક તકલીફ કયાંય અદશ્ય થઇ ગઇ લાગી. પૂ. મા જાણે શકિતસ્વરૂપા હોય એવું મને લાગ્યું. એમણે પૂ. શ્રીની પ્રતિકૃતિ મારા પત્નીના હાથમાં આપી બેલ્ટ ઉપરથી ઉતરેલા સામાનને બે હેન્ડ ટ્રોલીમાં ગોઠવવામાં સહાય કરી એક ટ્રોલી લઈ આગળ ચાલવા લાગ્યાં ! અમે તો જોઇજ રહ્યાં ! આવું ભારે લગેજ પૂ. મા કેવી સરળતાથી હડસેલી રહ્યાં હતાં ! આંખો માની ન શકે એવી એ વાત હતી. પરંતુ તે હકીકત હતી. બીજી ટ્રોલી હાંકી હું તેઓની પાછળ ચાલ્યો.

કેનેડી એરપોર્ટ ઉપર કસ્ટમ્સમાંથી સરળતાથી પસાર થઇ જવાયું. અહીં અધિકારીઓનો વ્યવહાર ખરેખર આદર્શ માનવતાભર્યો લાગ્યો. જે કંઈ પૂછ્યું તેના આપેલ જવાબોને સ્વીકારી લઈ, અમને તુરત જ જવા દીધા.

બહાર ભારે વરસાદ પડી રહ્યો હતો. અમને લેવા માટે ત્રણચાર ગાડીઓ લઇ બારેક જેટલાં ભાઇ બહેનો આવ્યાં હતાં. પૂ. મા કાચમાંથી તેમને જોઇ પ્રસન્ન થઇ ઊઠ્યાં. એમણે આનંદમાં પોતાનો હાથ ઊંચો કરી સહુનું દૂરથી અભિવાદન ઝીલ્યું.

સામાન લઇને બહાર નીકળતાં પહેલાં બે ભાઈઓ અંદર



આવ્યા અને એમાંના એક ભાઇ પૂ. માની પ્રદક્ષિણા કરવા લાગ્યા. પૂ. માએ કહ્યું. “અરે, આ શું કરો છો ?

તેમણે કહ્યું, “આ કરી લઇએ તો એમાં બધુંજ આવી જાય. આખી પૃથ્વીની પ્રદક્ષિણા.”

પૂ. માને એમની શ્રદ્ધા જોઈ પ્રસન્નતા થઈ.

વિદેશની ધરતી ઉપર ઉતરીને અમે વાત કરી કે પૂ. માને અમે છેક મુંબઇથી ન્યુયોર્ક સુધી આરામ કરતા લાવ્યા છીએ તો તેમણે કહ્યું “એ બને નહિ. અત્યારે તો મુસાફરોનો સારો એવો ધસારો છે. એર ઈન્ડીઆમાં સીટો મળતી નથી તો સુવાનું કયાંથી મળે ? અમારા માન્યામાં આવતું નથી.”

અમને થયું કે પૂ. ગુરુદેવની કૃપાથી અમે ભલે વિમાન બદલીને આવ્યા પરંતુ એનાથી પૂ. માને જે આરામ મળી શકયો તે બીજી કોઈ રીતની એરલાઇન્સમાં મળી ન શકયો હોત. પ્રભુની મંગલમયતાએજ પૂ. માને આવો નિર્ણય લેવા પ્રેર્યાં હશે, એમ અમને લાગ્યું. ( ક્રમશઃ )

## મંગલ–અભિલાષા

( વસંતતિલકા )

સર્વેશ્વરી પુનિત આ તવ વિશ્વયાત્રા,
માહેશ્વરી જગત-શ્રેય સધાવતી મા,
સંસિદ્ધ સદ્ગુરુતણી ઉરધારી શક્તિ
યોગેશ્વરી સફલ હો તવ પ્રેમભક્તિ.

( અનુષ્ટુપ )

તપસ્વિની પ્રપન્ના મા લોકકલ્યાણકારિણી,
બ્રહ્મવિહારિણી નિત્યા નિરાહારી નિરામયી.
ઉર્ધ્વથી વહતી રહેજો સુરાશિષો પદેપદે.

પ્રો. મહેન્દ્રકુમાર દેસાઈ

# પ્રભાતે એટલે શું ?

ઈશ્વરભાઇ ભક્ત–કપુરા

પ્રભાતકાળનો સ્થૂળ અર્થ તો સહુ કોઇને ખબર છે જ. સૂર્યોદયના સમયને પ્રભાતકાળ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ કવિ જ્યારે પોતાની કવિતામાં, ગીતમાં કે ભજનમાં, પ્રભાતકાળનો ઉલ્લેખ કરે છે ત્યારે માત્ર સ્થૂળ અર્થ કરીને બેસી રહીએ તો કવિની કૃતિનો સાચો આનંદ આપણે માણી શકીએ નહિ. તેનો સંદર્ભ જાણીને આપણે શબ્દનો અર્થ પણ કરવો જોઇએ.

જય જય જય ગુરુદેવની શક્તિ
વંદુ પુનિત પ્રભાતે !

અહીં પ્રભાત શબ્દ દ્વારા શું સમજવું ? એ શબ્દને આધારે શું એમ સમજવું કે એ તો પ્રભાતકાળની આરતી છે ? એ રીતે અર્થ કરીને માનવું હોય તો માની શકાય છે. પરંતુ એવા પ્રકારના અર્થથી કવિની કૃતિને સીમિત કરી દીધાનો અપરાધ થાય છે. ગુરુદેવની શક્તિનું જયગાન શું માત્ર પ્રભાતકાળે જ કરવાનું હોય ? ગુરુદેવના કૃપાપાત્ર સાધકને એવો અર્થ ગમશે નહીં. ગુરુદેવની શક્તિની અનુભૂતિ પ્રત્યેક પગલે થતી હોય તેના હૃદયમાં ‘ પ્રભાતે ’ શબ્દ જુદો જ અર્થધ્વનિ પ્રગટ કરે છે. કવિ શબ્દનું અર્થ ગૌરવ વધે તે રીતે તેને નિયોજે છે. સમ્યક્ પ્રકારની સમજનું પ્રગટીકરણ એ દ્વારા સૂચવાય છે અને ત્યારપછીનું તે વ્યક્તિનું જીવન ગુરુની શક્તિનું જયગાન કરતું કરતું ગુરુને સમર્પિત થઇ જવાનો સંકલ્પ કરે છે તેવો વિશિષ્ટ પ્રકારનો અર્થ



સાધકના હૃદયમાં પડઘાય છે.

સાચી સમજ પ્રગટે એટલે જીવનમાં પરિવર્તનનો પ્રારંભ થઇ જાય છે. બાલ્યાવસ્થા હોય કે યુવાવસ્થા હોય, વૃદ્ધાવસ્થા હોય કે ગમે તે અવસ્થા હોય પણ સાચી સમજ ક્યારે પ્રગટે છે તે કોણ કહી શકે ? શ્રીમદ્ રાજચંદ્રને માત્ર સાત જ વર્ષની ઉંમરે સ્મશાનમાં ધગધગતી ચિતા જોઈને જ્ઞાનોદય થયેલો. તેમનો પ્રભાતકાળ ત્યારથી જ થયેલો ગણાય. વાલ્મિકી ઋષિને યુવાનવયે જ નારદમુનિના મિલનથી સાચી જાગૃતિ આવી અને લૂંટફાટની પ્રવૃત્તિને તિલાંજલિ આપી તેમણે પોતાના જીવનમાં સમૂળગું પરિવર્તન આણી દીધું હતું. હરિશ્ચંદ્ર નાટક જોઇને મહાત્મા ગાંધીજીને સત્યને માર્ગે જવાની સમજ પ્રગટેલી ત્યારે તેમની ઉંમર માત્ર બાર જ વર્ષની હતી. તુલસીદાસને વૃદ્ધાવસ્થામાં સમ્યક્ પ્રકારની સમજ પ્રગટી હતી ને ત્યારપછી જ તેમણે રામાયણનું સર્જન કર્યું હતું. વ્યક્તિના જીવનમાં સાચી જાગૃતિ આવે છે તે એક હકીકત છે. પરંતુ તે જાગૃતિકાળ તેના જીવનમાં પરિવર્તન ન આણે તો વ્યર્થ પણ જાય. પરમાત્માની જો કૃપા હોય તો તેવા સમયે વ્યક્તિને સમ્યક્ પ્રકારનું માર્ગદર્શન આપી શકાય તેવી વ્યવસ્થા આપોઆપ ગોઠવાઇ જાય છે. મા સર્વેશ્વરીના જીવનમાં પણ સદ્ગુરુ યોગેશ્વરજીનો પ્રવેશ આપોઆપ જ થયેલો. તેઓ વિદ્યાર્થીકાળથી જ જુદી જુદી અનુભૂતિઓનો અનુભવ કરતા હતા. વિદ્યાર્થી મટીને શિક્ષિકા થયા ને આચાર્યના પદ પર આરૂઢ થયા ત્યાં સુધીમાં તો તેમણે યમ નિયમ વડે પોતાની જાતને યોગ્ય બનાવી દીધી હતી. પણ આધ્યાત્મિક તરસ પરાકાષ્ટાએ પહોંચી ત્યારે જ સદ્ગુરુ શ્રી યોગેશ્વરજીનો ભેટો થયો હતો. તેથી તેમનો પ્રભાતકાળ પણ ત્યારથી જ શરૂ થયો ગણાય.

પરમાત્મા તરફ અભિમુખ બને અને અહમ્‌થી અળગા થવાના પ્રયત્નો ચાલુ રહે તે પ્રભાતકાળની નિશાનીઓ છે. અહમ્‌ના વર્તુળમાં વ્યક્તિ ભટકતી હોય ત્યાં સુધી તેને પરમાત્માનો પરિચય થતો નથી. ત્યાં સુધી તેને સ્વાર્થમાં રમવાનું જ ગમે છે. પરમાર્થનો વિચાર તો અહમ્‌ની ભાવના મંદ બને ત્યારે જ જાગે છે. તેવા સમયે તેને યોગ્ય વાતાવરણ મળી રહે તો તેની જાગૃતિનો ઉષઃકાળ તેજસ્વી બને છે ને ત્યારે જ ગુરુની શક્તિનો સમ્યક્‌ પરિચય તેને થાય છે. જુદી જુદી અનુભૂતિઓ દ્વારા તેને માર્ગદર્શન પણ મળવા માંડે છે. વ્યક્ત કે અવ્યક્ત પરિબળોનો પણ તેને અવાર નવાર પરિચય થયા કરે છે. સદ્‌ગુરુ તેવા પરિબળોનું પ્રતીક છે.

મંગલ માર્ગદર્શનથી મનમાં અનેરો આનંદ થતો હોય છે. માર્ગદર્શન આપનાર માટે અનન્ય પ્રકારનો આદરભાવ જાગે છે. તેને માટે એવો અનુરાગ પેદા થાય છે કે તેની શરણાગતિ સ્વીકાર્યા વિના સાધકને ચેન પડતું નથી. સર્વ ભાવે તે સમર્પિત થવા પ્રયત્ન કરે છે. સાધકને ડગલે ડગલે ગુરુની ક્રિયાશીલ શક્તિનો પરિચય થતો જ રહે છે. તેવી સ્થિતિમાં પણ સાધકને કેટલીક વાર પ્રાકૃતિક બળો હેરાન કરતા જણાય છે. મનમાં રહી ગયેલા કુસંસ્કારો જોર પકડે છે ને તેની સાથે તેણે ઝઝૂમવું પડે છે એવા પણ અનુભવો થાય છે. છતાં પણ શરણાગતને ગુરુની શકિત તેવા તોફાનો-માંથી અદ્‌ભુત રીતે ઉગારે છે. શંકા–કુશંકાઓથી ખળભળી ઊઠેલું મન ફરીથી શાંત ને પ્રસન્ન બને છે ને કલ્યાણને માર્ગે સાધક આગળ વધે તેવા વાતાવરણનું સર્જન થાય છે. સાધક પોતાના પ્રારબ્ધકર્મ અનુસાર કોઈવાર મંદ તો કોઇવાર તીવ્ર વેગે પ્રભુના પરમ પ્રદેશ તરફ ગતિ કરે છે. મા સર્વે-



શ્વરીનું જીવન આ તમામ હકીકતોની સાબિતીરૂપ છે. આ સંદર્ભમાં તમે આ આરતીને સમજવા પ્રયત્ન કરશો તો તમને અનેરા આનંદનો અનુભવ થશે. માત્ર સવારે જ આ આરતી ગાવી ને સાંજે ન ગાવી એવા રૂઢિગત વિચારોનું વિસર્જન થશે તો જ આ આરતીમાં રહેલી ગુરુભક્તિનો મહિમા સમજાશે. (સંપૂર્ણ)

—*—

## પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનો અમેરિકા તથા કેનેડાનો કાર્યક્રમ

પ. પૂ. મા અમેરિકા તથા કેનેડાની ધરતી ઉપર સાત વર્ષ પછી પધાર્યાં છે. તેઓના સત્સંગ અને દર્શનનો લાભ ભારતમાં વસતા પૂ. માના ભકતોના સગાં–સ્નેહીઓ અહીં લઈ શકે તે માટે પૂ. માના કાર્યક્રમ અંગે નીચેના સરનામે સંપર્ક કરવો. જૂન '૮૮ માટે.

V. K. Patel
8224, Kennedy BLVD.
North Bergen, New Jersey 07047.
U. S. A.
ટે. નં. 201-861-6810

અથવા

B. S. Bhakta
Aloha Motel
Santa na C. A. U. S. A. 92707
ટે. નં. 714-545-6677

# અજાણ્યા જ્યારે આપ્તજન બની જાય છે.

જગદીશ કિલ્લાવાળા

[શ્રી રમેશભાઇ ઠાકર આર્યનિવાસ-હરિદ્વારમાં નવા નિમાયેલ મેનેજર છે. યુવાન છે અને સેવાભાવી તથા સંસ્કારી છે. યોગેશ્વર પરિવારના ભકતો તથા પૂ. મા શ્રી સર્વેશ્વરી હરિદ્વારના નિવાસ દરમ્યાન આર્યનિવાસમાં જ ઉતરવાનું પસંદ કરે છે તેમાં માજી-મેનેજર શ્રી અમૃતલાલભાઇ પંડ્યા તેમ જ શ્રી રમેશભાઈ ઠાકરનો સ્વભાવ, સહકાર અને સેવાભાવ કારણભૂત છે. શ્રી રમેશભાઇ હંમેશા જાણ્યા-અજાણ્યા સહુને મદદરૂપ થવા તૈયાર રહે છે. એમના જીવનની એક યાદગાર ઘટના શ્રી જગદીશભાઇ કિલ્લાવાળાએ 'જન્મભૂમિ-પ્રવાસી'માં આલેખી છે. તે સહુને પ્રેરણાદાયી હોવાથી અહીં રજુ કરીએ છીએ. -તંત્રી ]

મારા માસા ( ઉં. વ. ૬૮ ) અને માસી ( ઉં. વ. ૬૪ ) છેલ્લા કેટલા વખતથી બદરી-કેદારની યાત્રાએ જવા ઉત્સુક હતાં. બે દીકરા અને એક દીકરી અમેરિકા વસે. બંનેની તબિયત આમ તો સારી પણ ઉંમરને કારણે થાક વર્તાય. ઓચિંતા જ ૧૧મી સપ્ટેમ્બરે બંને હરદ્વાર માટે તદ્દન એકલાં જ નીકળી પડ્યાં. નીકળતા પહેલાં હરદ્વારની આર્યનિવાસના મેનેજર રમેશભાઇ ઠાકર જોડે પત્રવ્યવહાર થયેલો. હરદ્વાર પહોંચતા એમને ગુજરાતી સમાજ વધુ સગવડવાળો લાગ્યો એટલે આર્યનિવાસમાં ન ઊતર્યા, પણ હરતાફરતા રમેશભાઇને મળતા. ૧૮મીએ ઊપડતી બસમાં બદરી જવા વિચાર્યું. પણ ૧૭મીએ જ માસાની તબિયત બગડી. ૧૮મીનું



જવાનું રદ થયું. ત્યાંના ડોકટરને બોલાવ્યા તો કહે : "કુછ નહીં હૈ, થોડી સર્દી હૈ, અચ્છા હો જાયેગા." પણ તબિયત સુધરતી હોય તેમ લાગ્યું નહીં. માસી રમેશભાઇને બોલાવી લાવ્યા. રમેશભાઇએ બીજા બે-ત્રણ ડોકટરોનો અભિપ્રાય લીધો. ૪-૫ દિવસ નીકળી ગયા. રમેશભાઇ રોજ તપાસ કરે. જોઇતું કરતું લાવી આપે. પણ તબિયત સુધરતી લાગી નહીં. તેથી ૨૪મી ને ગુરુવારે હોસ્પિટલમાં લઈ જવાનું નક્કી કર્યું. માંદા માણસને ગુજરાતી સમાજના ત્રીજે માળેથી હોસ્પિટલમાં કેવી રીતે લઈ જવા ! ! પણ રમેશભાઇ જેનું નામ. કહે : "બા, તમે જરા પણ ચિંતા કરતા નહીં. હું બધું સંભાળી લઈશ." અને પછી ૭-૮ મિત્રોને બોલાવી લાવ્યા. સાથે લાવ્યા સ્ટ્રેચર અને એમ્બ્યુલન્સ. હોસ્પિટલમાં પણ કહે : "બા, તમે જરા પણ મૂંઝાતા નહીં. આપણે સારામાં સારા ડોકટરને બોલાવીને બધા જ ઉપાયો કરીશું. બાપુજીને જરૂર સારું થઇ જશે. હું આખો વખત તમારી પડખે જ રહીશ." માસી પારકા પ્રદેશમાં તદ્દન એકલા પડી જવાથી ખૂબ જ મૂંઝાતાં હતાં. તબિયત લથડતી જ ચાલી, કિડની કામ કરતી અટકી ગઈ, અને આમ જ રવિવાર ને ૨૭મી તારીખે રાત્રે ૧.૩૦ વાગે માસાએ પારકા પ્રદેશમાં દેહ છોડ્યો. તે વખતે પણ રમેશભાઇ માસીની પડખે જ. રમેશભાઇએ સવારે દોડાદોડી કરી સૌ મિત્રો-સ્નેહીઓને ભેગા કરી અગ્નિદાહ આપ્યો. સ્મશાને પણ પારકા માણસના દાહ માટે ૫૦ માણસો પોતાનો કામધંધો છોડીને સવારે આવી પહોંચેલા. રમેશભાઇ સર્વ વિધિ પતાવી માસીને કહે : "બા, તમારો પુત્ર કરે તે સર્વ વિધિ બ્રાહ્મણોને બોલાવીને કરાવી છે માટે મનમાં કોઇ ક્ષોભ ન રાખતા. બાપુજીને સંપૂર્ણ વિધિસર દાહ આપ્યો છે. ચાલો હવે જરા જમી લઇએ. હું જાણું છું કે તમને જમવાનું

અનુકૂળ નહીં પડે પણ બે કોળિયા શક્તિ જળવાય તે માટે પણ ખાઈ લો." માસી રડી પડ્યાં. "ભાઇ, મારાથી તો કાંઇ નહીં ખવાય. તુ કાંઈ ખાઇ લે." તો રમેશભાઈ બોલ્યા, "બા, તમે ન ખાવ તો મેં તો અગ્નિદાહ દીધો છે. હું તો તેમનો પુત્ર, તમને મૂકીને કેમ ખાઈ શકું ?" બંને જણ એકબીજાના ખોળામાં માથું મૂકીને ખૂબ રડ્યાં અને આખો દિવસ ભૂખ્યાં જ રહ્યાં. રાત્રે રમેશભાઇના આગ્રહથી એક કપ કોફી પીધી તે જ.

અમેરિકાથી કે સૂરતથી આવનારા તો કયારે પહોંચે અને માસી કેટલા દિવસ હરદ્વારમાં એકલાં રહે !! તો રમેશભાઈ કહે, "બા, કોઈ ચિંતા ન કરશો. મને તો ૪-૫ દિવસની રજા મળે તેમ નથી પણ તમને સુરત સુધી મૂકવા બે-ત્રણ ભાઇઓની વ્યવસ્થા કરું છું." અને તે જ પ્રમાણે ટ્રેઇનમાં રિઝર્વેશન કરાવીને માસીને સુરત રવાના કર્યાં.

રમેશભાઈ ઠાકર મૂળ પોરબંદરના બ્રાહ્મણ અને આર્ય-નિવાસ-હરદ્વારના મેનેજર. પણ આમ જ આપત્તિગ્રસ્ત ભાઇબહેનોને મદદ કરવાની તમન્ના.

મન, વાણી કે કલમથી કોઇની ટીકા ને નિંદા ન કરો.

*

ઈશ્વર સિવાય કોઈનો ભય ન રાખો.

*

ગમે તેવા સંકટમાં, ગમે તેવા સમયમાં સહન કરવાને લાયક દેહને બનાવો, મનને કેળવો.

*

સર્વ ધર્મના કેન્દ્રરૂપ એક પ્રભુનું શરણ માગો.



# રામકથા

(ગતાંકથી ચાલુ)

**શ્રી યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

કૈકેયીના પશ્ચાતાપ સૂચક શબ્દો સાંભળીને રામ બોલ્યા. 'સંસારમાં કોઈ કોઇને સુખ દુઃખ નથી આપી શકતું. તમે મને દુઃખી કર્યો કે વનમાં મોકલ્યો એવું હું નથી માનતો. બધા જીવો પોતાના કર્મો પ્રમાણે જ સુખી દુઃખી થાય છે એવું અનુભવ-પૂર્ણ જ્ઞાન પ્રકટ્યા પછી જીવ કોઇને પોતાના સુખ દુઃખનો દાતા નથી માનતો. તમને એ વખતે એવી બુદ્ધિ સૂઝી એમાં મારું કશુંક હિત જ હશે એવું મેં માનેલું અને એ મારી માન્યતા આજે પણ કાયમ છે. તમારા મારા માટેના પ્રેમને હું જાણું છું. એ પ્રેમ આજે પણ એવો જ અકબંધ અને અબાધિત છે એ જોઈને મને આનંદ થાય છે. એ પ્રેમ હવે પશ્ચાતાપના પાવન પાવકથી વધારે પવિત્ર બનીને પ્રકાશી ઉઠ્યો છે.'

'તમને મારા તમારી પ્રત્યેના વર્તનને લીધે મારા તરફ કોઈ પણ જાતનો અણગમો કે દ્વેષભાવ નથી થતો ?'

'બિલકુલ નહિ. એવો અણગમો કે દ્વેષભાવ થવાનું કોઈ કારણ જ કયાં છે ? મારા તમારે માટેના પ્રેમભાવમાં કશો જ ફેર નથી પડ્યો. જેવો પ્રેમ મને માતા કૌશલ્યા માટે થાય છે તેવો જ પ્રેમ તમારે માટે પણ થઈ રહ્યો છે. મારા એ શબ્દોમાં કોઇ પણ પ્રકારની શંકા ના કરતાં !

કૈકેયીની આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી. એણે કહ્યું : 'રામ તમારું હૃદય ખરેખર અનેરું છે, મહાન છે. તેનો પાર

સાધારણ માનવીથી નથી પામી શકાય તેમ. તમારા સ્નેહયુક્ત શબ્દો સાંભળીને મને શાંતિ થઈ. મારો પ્રાણ ખરેખર પુલકિત અને પ્રસન્ન થયો. આજે મને જાણે કે જીવન મળ્યું. મારો જૂના વખતનો વિષાદ શમી ગયો. તે છતાં પણ, હું તમારા વનવાસના કષ્ટમાં નિમિત્ત બની છું. એ વેદના મારા કાળજાને હંમેશાં કોરી ખાશે. એ વેદના, ચિંતા તથા પીડામાંથી હું કદી પણ મુક્તિ નહિ મેળવી શકું. મંથરાએ મને ભરમાવી છતાં પણ મારી સદ્-બુદ્ધિને જો ઠેકાણે રાખી હોત, તો એક મહાભારે અનર્થ અથવા અપરાધમાંથી ઉગરી જાત. હવે તો મારી એક જ પ્રાર્થના અને કામના છે કે મારા એ ઘોર અપરાધને માટે મને ક્ષમા કરો.'

રામે કૈકેયીને અનેક પ્રકારે સાંત્વન આપ્યું તો પણ એ પશ્ચાતાપથી પ્રેરાઇને શોક કરતી જ રહી. પશ્ચાતાપ કરીને આત્મા એકદમ નિર્મળ બની ગયો.

ભરતે ભાવભીના સ્વરે કહેવા માંડયું. 'મારી માતાના અપરાધને માટે હું પણ ક્ષમા માગું છું.

'પરંતુ હું એને અપરાધ નથી માનતો તેનું શું ? રામે સામેથી કહ્યું : 'કૈકેયીએ કોઈ જાતનો અપરાધ કર્યો છે એવો ભાવ મારા મનમાં પેદા જ નથી થયો અને આજે પણ પેદા નથી થતો.'

'એમાં તમારી લોકોત્તરતા કે મહાનતા રહેલી છે. તમારા સર્વોત્તમ સુંદર સ્વભાવનું એમાં દર્શન થાય છે. તોપણ હું તો એને અપરાધ માનું જ છું. અને એ અપરાધને લીધે મારું દિલ પણ દુઃખી થાય છે. એ દુઃખ કોઇયે ઉપાયે નથી મટતું. એને મટાડવાનો ઉપાય ફક્ત એક જ છે કે તમે અયોધ્યા પાછા ફરો ને રાજ્યની લગામ હાથમાં લો. તમે અયોધ્યામાં પાછા



આવશો ત્યારે જ મને શાંતિ મળશે. અયોધ્યાના પ્રજાજનો પણ તમને ઝંખી રહ્યા છે. તમારા વિના એમનું જીવન નીરસ બની ગયું છે. આ સમસ્ત સેના, સ્નેહીજનો ને પ્રજાજનો પોતાનો પ્રેમ વ્યક્ત કરવા અને તમને અયોધ્યામાં પાછા ફરવાની પ્રાર્થના કરવા માટે આવી પહોંચ્યા છે.'

'ભરતનો પ્રેમ ઘણો જ પવિત્ર ને પ્રબળ છે.' વસિષ્ઠે કહ્યું : 'એ પ્રેમથી પ્રેરાઈને જ એણે રાજ્યાભિષેકનો સ્વીકાર ના કર્યો અને તમને વિનવવા માટે વનમાં આવવાનું પસંદ કર્યું. એ ઉપરાંત, પ્રજાજનો પણ તમને અયોધ્યામાં લાવવા આતુર છે.'

'તો પણ મારાથી અયોધ્યામાં આવી શકાય તેમ નથી.' રામે સ્પષ્ટ કર્યું : 'માતા કૈકેયીના કહેવાથી પિતાજીએ મને વનમાં વાસ કરવાનો આદેશ આપ્યો છે અને એ આદેશ મારે પાળવો જ જોઇએ.'

'વનમાં તો તમે વાસ કરી લીધો અને હજુ પણ કરી રહ્યા છો એટલે પિતાજીના આદેશનું પાલન થઇ ચૂક્યું. હવે અયોધ્યામાં આવો અને એ પણ અમારા સૌના આગ્રહને માન આપીને આવો તો પિતાજીના આદેશની વિરુદ્ધ વર્ત્યા એવું નહિ કહી શકાય.' ભરતે દલીલ કરી.

'છતાં પણ ભરત, મારે તો પિતાજીના આદેશનું પૂરેપૂરું પાલન કરવું જોઇએ. એમની પાસેથી માતા કૈકેયીએ મારા વન-વાસનું જ વરદાન નથી માગ્યું પરંતુ મારા ચૌદ વરસનું વરદાન માગ્યું છે.'

'એમ હોય તો એ વરદાનને હું પાછું ખેંચી લઉં.' કૈકેયી બોલી. 'એવી રીતે તમારે માટે અયોધ્યામાં પાછા આવવાનો રસ્તો સાફ થઈ જાય છે.'

'એ વરદાન તથા પૂજ્ય પિતાજીનું વચન કદાપિ પાછું ના ખેંચી શકાય. એને ઉથાપી પણ ના શકાય. કલકલ રવે વહેતા પ્રવાહનું પાણી જેવી રીતે પાછું નથી આવી શકતું, સમીરના સુસવાટા કરતી લહરી જેવી રીતે પોતાના મૂળ સ્થાનમાં પાછી નથી આવતી, અને આકાશનો ત્યાગ કરીને પૃથ્વી પર પડેલી વીજળી જેવી રીતે આકાશમાં પાછી નથી આવતી, તેવી રીતે રઘુકુળના પ્રાતઃસ્મરણીય પુરુષો જે બોલે છે તે બોલને તે લે છે તે વ્રતને પાછા નથી ખેંચી શકતા. રઘુકુળની રીત જ એવી છે. એ રીત અથવા પરંપરાને તોડવાની આશા મારી પાસે ન રાખી શકાય.'

'ભરત એવી અનુચિત આશા નથી રાખતા.' ઊર્મિલા બોલી. 'એ તો આખીયે પ્રજાના અંતરનો અવાજ રજૂ કરે છે. પ્રજાના પોકારનું પણ મહત્ત્વ હોય છે. અને એ મહત્ત્વ તમારે માનવા યોગ્ય લાગે તો માનવું જોઇએ. આટલા દિવસોમાં તો અયોધ્યા આનંદહીન અને શ્રીહીન બની ગઇ છે. એ મૃતપ્રાય અયોધ્યાપુરી તમારા પાછા ફરવાથી સજીવન બનશે.' (ક્રમશઃ)

### ❀ ક્ષમા કરે ❀

'અધ્યાત્મ'ના આ અંકમાં 'પ્રકાશના પંથે'નો લેખ અનિવાર્ય સંજોગોને કારણે છાપી શકાયો નથી તો વાંચકો દરગુજર કરે.

# સંતોનું ઋણ

આધ્યાત્મિક પુરુષોમાં એવી શક્તિ છે કે બધું બચાવી શકે ? મધ્યયુગના કાળમાં એટલે કે મુસ્લિમ સંસ્કૃતિનો આપણી સંસ્કૃતિ પર એક જબરજસ્ત આઘાત પ્રકટ્યો ત્યારે હિંદુ સંસ્કૃતિ નાશ પામી જાય એવું થયેલું. ત્યારે આખા દેશમાં દરેક સ્થળે–પંજાબ, બંગાળ, બર્મા, મદ્રાસ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર વગેરે સર્વ જગ્યાએ સંત-પરંપરા પ્રકટી. એ લોકોએ હિંદુ સંસ્કૃતિ ટકાવી રાખી છે.

આવા મહાત્માઓએ આપણા જેવાઓને સારા માર્ગે ચઢાવેલા છે અને એટલે આવા મહાત્માઓનું ઘણું મહત્ત્વ છે.

રામચંદ્રના દરબારમાં ઋષિમુનિઓનું ઘણું મહત્ત્વ હતું. કારણ તેઓ અનુભવીઓ હતા અને એટલે જ આપણા રાજા–મહારાજા દરબારમાં ઉત્તમ પ્રકારના ચિત્રકારો, સંગીતકારો વગેરેને રાખતા. આ બધાં માનવરત્નો હતાં.

એટલે સમાજ જ્યારે જ્યારે આવા સત્પુરુષોને સત્કારે છે ત્યારે એ એનું પોતાનું કામ કરે છે. એવા મહાત્માઓને આદર આપવાથી કે એમના તરફ ભક્તિભાવ રાખવાથી આપણી પોતાના જ દિલની ભાવનાને ઉચ્ચત્તર રીતે પ્રકટાવીએ છીએ. એ રીતે જ આપણો ઉત્કર્ષ થાય છે.

(પૂ. શ્રી મોટા)

# પ્રભુ દર્શનની પ્યાસ

હે દેવ! તમારું દર્શન કરવાને સારું કહો તો હું મારા દેહને કરવત લઈને વેરી નાખું અથવા કહો તો હું એકાદ હથિયાર લઈને મારા શરીરના માંસની બોટી બોટી જુદી કરી નાખું, અથવા કહો તો ધગધગતા અગ્નિમાં ઝંપલાવીને મારા દેહને બાળીને ભસ્મ કરી દઉં, માટે તમારું દર્શન કરવાને વાસ્તે શું શું કરવું જોઇએ, તે મને કહી દો.

તમે કહેતા હો તો હું ઘરબાર ત્યજીને વનમાં ચાલ્યો જાઉં અને ત્યાં જઇને ટાઢ, તાપ, ભૂખ-તરસ વગેરે કષ્ટ સહન કરું અથવા તમે કહેતા હો તો હું મુનિવ્રત લઉં. તમે કહેતા હો તો હું મારે આખે અંગે ભસ્મ ચોપડું. તમે કહેતા હો તો પગપાળો દેશ દેશ ભમતો આખી પૃથ્વીની પરકમ્મા કરી વળું. કહો તો ઉપવાસ કરીને દેહનો ત્યાગ કરું અથવા તો બળાત્કાર કરીને મારો જીવ કાઢી નાખું.

તુકારામ કહે છે કે-હે પાંડુરંગ! તને મળવા માટે માટે શું ઉપાય કરવો જોઇએ, તે તું મને એક વાર કહી નાખ.

(સંત શ્રી તુકારામ)

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ- પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧